સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 50

[DEC - 2023]
[10/12/23 to 16/12/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


## 10 DEC-2023

- દિવસ મહિમા : 10 ડિસેમ્બર, માનવ અધિકાર દિન (Human Right Day) ..... 02
- VGGS-2024 : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો વિદેશ પ્રવાસ ..... 02
- કેન્યાના રાષ્ટ્રપતિની ભારત મુલાકાત ..... 04
- શ્રી માઈકલ ડગ્લાસ સત્યજીત રે લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત ..... 06
- QUESTION ANSWERS ..... 07

## 11 DEC-2023

- દિવસ મહિમા : 11 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ (International Mountain Day) ..... 08
- વિશ્વની 8મી અજાયબી : અંગકોર વાટ ..... 08
- ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલ 'અગ્નિ-1'નું સફળ પ્રશિક્ષણ પ્રક્ષેપણ ..... 09
- QUESTION ANSWERS ..... 11

## 12 DEC-2023

- દિવસ મહિમા : 12 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ, આંતરરાષ્ટ્રીય તટસ્થતા દિવસ ..... 12
- અનુચ્છેદ-370 હટાવવાનો નિર્ણય યોગ્ય : સુપ્રીમ કોર્ટ ..... 12
- 'સૂર્ય કિરણ - XVII' કવાયત : ભારત - નેપાળ ..... 25
- QUESTION ANSWERS ..... 27

## 13 DEC-2023

- વર્લ્ડ એથ્લેટ ઓફ ધ યર - 2023 ..... 28
- COP28 : દુબઈ, યુએઈ ..... 28
- Climate Change Performance Index (CCPI) 2024 ..... 32
- કચ્છના બન્ની ઘાસના મેદાનોમાં ચિત્તાઓ માટેનું સંવર્ધન કેન્દ્ર ..... 33
- QUESTION ANSWERS ..... 35

## 14 DEC-2023

- દિવસ મહિમા : 14 ડિસેમ્બર, રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન, વિશ્વ વાનર દિવસ (World Monkey Day) ..... 36
- પાંચ રાજ્યોમાં મુખ્યમંત્રીશ્રીના શપથ ..... 36
- QUESTION ANSWERS ..... 42

## 15 DEC-2023

- દિવસ મહિમા : 15 ડિસેમ્બર, સરદાર વલ્લભભાઈ પટેલ પુણ્યતિથિ દિન ..... 43
- મેઘાલયની લાકડોંગ હળદરને GI ટેગ ..... 43
- INS તારમુગલી (INS Tarmugli) ..... 43
- INS સંધ્યાક (INS SANDHYAK) ..... 43
- VINBAX-23 : ભારત-વિયેતનામ સંયુક્ત લશ્કરી કવાયત ..... 44
- GPAI સમિટ 2023 અને YUVAi ..... 45
- QUESTION ANSWERS ..... 48

## 16 DEC-2023

- દિવસ મહિમા : 16 ડિસેમ્બર, વિજય દિવસ (Victory Day) ..... 49
- બારાકુડા : ભારતની સૌથી ઝડપી સૌર-ઈલેક્ટ્રિક બોટ ..... 49
- પીઢ અભિનેતા જુનિયર મેહમૂદનું નિધન ..... 50
- QUESTION ANSWERS ..... 50

ONE LINER ..... 51

QUESTION OF THIS WEEK ..... 56


®
ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN WhatsApp Group/joinicerajkot.com CLICK HERE icerajkot


## દિવસ મહિમા : 10 ડિસેમ્બર, માનવ અધિકાર દિન (Human Right Day)



સમગ્ર વિશ્વમાં દર વર્ષે 10 ડિસેમ્બરના રોજ 'માનવ અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનાઈટેડ નેશન્સ દ્વારા 1948થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો હતો.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ લોકોને માનવ અધિકાર વિશે જાગૃત કરવા અને માનવ અધિકારના દુરુપયોગને અટકાવવાનો છે.
- માનવ અધિકારોમાં મુખ્યત્વે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકાર, આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતા, આંતરરાષ્ટ્રીય નાગરિક અને રાજકીય અધિકારોનો સમાવેશ થાય છે.

## VGGS-2024 : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો વિદેશ પ્રવાસ



વાયબ્રન્ટ ગુજરાત સમિટના ભાગરૂપે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાપાન અને સિંગાપોરની મુલાકાત લીધી હતી.

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે 7 અધિકારીઓનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ પણ ગયું હતું.
- આ વિદેશ પ્રવાસ પાછળનો ઉદ્દેશ્ય વિદેશમાં જઈને વાયબ્રન્ટ ગુજરાત સમિટ માટે આમંત્રણ આપવાનો અને ગુજરાતમાં મૂડી રોકાણ માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

### યામાનાશી હાઈડ્રોજન પ્લાન્ટની મુલાકાત

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં જાપાન પહોંચેલા ગુજરાતના હાઈલેવલ ડેલિગેશને તેની મુલાકાતનો પ્રારંભ યામાનાશી ગવર્નર શ્રી કોટારો નાગાસાકીની બેઠકથી કર્યો હતો.

- ત્યારબાદ તેમણે યામાનાશી હાઈડ્રોજન કંપનીની મુલાકાત કરી હતી, જ્યાં ગ્રીન હાઈડ્રોજન સેક્ટર ક્ષેત્રે ગુજરાતમાં ઈન્વેસ્ટમેન્ટ પોટેન્શિયલ અંગે વિચાર વિમર્શ કર્યો હતો.
- યામાનાશી હાઈડ્રોજન કંપનીએ હાઈડ્રોજન ક્ષેત્રે આગામી વાયબ્રન્ટ સમિટમાં અન્ય પહેલો સાથે ભાગ લેવા માટે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ટોક્યોના ગવર્નર સાથે મુલાકાત

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ટોક્યોના ગવર્નર સુશ્રી કોઈકે યુરિકો સાથે બેઠક યોજી હતી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2007માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે જાપાનની પ્રથમ મુલાકાત લીધી હતી અને તેના સ્મરણો યાદ કર્યા હતા.

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ટોક્યો ગવર્નર સુશ્રી કોઈકે યુરિકોને આગામી વાયબ્રન્ટ સમિટમાં જોડાવાનું પ્રત્યક્ષ આમંત્રણ પાઠવ્યું હતું.

## જેટ્રો સાથેની બેઠક

મુખ્યમંત્રીશ્રીએ જાપાન એક્સ્ટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (જેટ્રો)ના પ્રેસિડન્ટ શ્રીયુત સુસુમુ કટાઓકા સાથે ફળદાયી બેઠક યોજી હતી.

- જેટ્રોએ જાપાન અને વૈશ્વિક વેપાર સમુદાય વચ્ચે આર્થિક ભાગીદારી અને સહયોગ વધારવા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.
- મુખ્યમંત્રીશ્રીએ જાપાની ઉદ્યોગ કંપનીઓને ગુજરાતમાં રોકાણો માટે આકર્ષિત કરવા અને સહાયરૂપ થવા જેટ્રોએ અમદાવાદમાં બિઝનેસ સપોર્ટ સેન્ટર શરૂ કર્યું છે તે માટે આનંદ વ્યક્ત કર્યો હતો.
- આ સંદર્ભમાં જેટ્રો સેમિકન્ડક્ટર, ગ્રીન ટેક્નોલોજી, બ્લગ ડ્રગ, મેડિકલ ડિવાઈસીસ, સીરામીક એન્ડ ટેક્સટાઈલ ઉદ્યોગોમાં રોકાણો આકર્ષવામાં સહભાગી થઈ શકે છે.

## નાણાકીય-વેપાર સંગઠનોને VGGS માટે આમંત્રણ

મુખ્યમંત્રીશ્રીએ વિવિધ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન અને ફાયનાન્શિયલ ઈન્સ્ટિટ્યુશન્સ સાથે બેઠકો કરી હતી.

- શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાપાન બેન્ક ફોર ઈન્ટરનેશનલ કોઓપરેશન (JBIC)ના ચેરમેન શ્રી ટડાશી મેઈડા, ગવર્નર શ્રી હયાશી નોબુમિત્સુ અને પદાધિકારીઓ સાથે બેઠક યોજી હતી.
- JBICના સહયોગમાં ભારતમાં ચાલી રહેલા પ્રોજેક્ટ્સ ખાસ કરીને નિપ્પોન સ્ટીલ સહિત વિવિધ પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરવામાં આવી હતી.
- JBICએ બેઠક દરમિયાન વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2024 દ્વારા ગુજરાત સરકાર સાથે કામ કરવા આતુરતા વ્યક્ત કરી હતી.

## ટોક્યોમાં ઉદ્યોગ-રોકાણકારો સાથે રોડ-શો

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ટોક્યોમાં જાપાનના અગ્રણી ઉદ્યોગ–રોકાણકારો અને બિઝનેસ પ્રોફેશનલ્સ સાથે રોડ–શો યોજ્યા હતા.

- તેમણે જાપાનના 200થી વધુ અગ્રણી ઉદ્યોગ રોકાણકારો–બિઝનેસ પ્રોફેશનલ્સ સમક્ષ ગુજરાતના સર્વગ્રાહી વિકાસ સાથે ભારતના વિકાસ રોલ મોડેલ રાજ્ય તરીકેની વિકાસ ગાથાની પ્રભાવક પ્રસ્તુતિ આ રોડ–શોમાં કરી હતી.

## અન્ય બેઠકો

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાપાનના મિનિસ્ટર ફોર ઈકોનોમી ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ શ્રી નિશિમુરા યાસુતોશી સાથે મુલાકાત બેઠક કરી હતી.

- આ ઉપરાંત જાપાનના અગ્રણી ઉદ્યોગગૃહ નિચિકોન કોર્પોરેશનના પ્રતિનિધિઓ સાથે મીટિંગ કરી હતી.
- આ મીટિંગમાં કંપનીના પ્રતિનિધિઓએ ભારતમાં કાર્યરત કંપનીના પ્રોજેક્ટ વિશે વાતચીત કરી હતી.
- તથા હ્યોગો–જાપાનના ગવર્નર શ્રી મોટોહિકો સૈતો સાથે મુલાકાત કરી હતી.
- આ ઉપરાંત અન્ય ઘણા બધા ઉદ્યોગકારોને વાયબ્રન્ટ સમિટમાં ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું હતું.

## સિંગાપોરમાં માઈક્રોન પ્લાન્ટની મુલાકાત

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના પ્રતિનિધિ મંડળ સાથે સિંગાપોરની તેમની યાત્રાના અંતિમ દિવસે માઈક્રોનની એસેમ્બલી અને પરીક્ષણ પ્લાન્ટની મુલાકાત લીધી હતી.

- સેમિકન્ડક્ટર્સ, ગ્રીન હાઈડ્રોજન અને ઈ–મોબિલિટી જેવા ઉભરતા ક્ષેત્રો પર પ્રાથમિક ભાર મૂકવાની સાથે 'ગેટવે ટુ ધ ફ્યુચર' થીમ સાથે સમિટનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત તેમણે સિંગાપોર બિઝનેસ ફેડરેશન (SBF)ના પ્રતિનિધિઓ સહિત ઘણા ઉદ્યોગકારો સાથે બેઠક યોજી હતી અને ગ્લોબલ સમિટ 2024માં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAM

## કેન્યાના રાષ્ટ્રપતિની ભારત મુલાકાત

તાજેતરમાં કેન્યાના રાષ્ટ્રપતિ શ્રી વિલિયમ રૂટો ભારતની મુલાકાતે આવ્યા હતા.


- આ મુલાકાત દરમિયાન ભારતે તેના કૃષિ ક્ષેત્રના આધુનિકીકરણ માટે કેન્યાને 250 મિલિયન અમેરિકન ડોલરના ધિરાણની જાહેરાત કરી હતી.
- ભારત અને કેન્યાએ રમતગમત, શિક્ષણ અને ડિજિટલ સોલ્યુશન્સ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહકાર પૂરો પાડતા પાંચ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા.
- અને હિન્દ મહાસાગર ક્ષેત્રમાં દરિયાઈ જોડાણને વધારવા માટે સંયુક્ત વિઝન દસ્તાવેજનું અનાવરણ કર્યુ હતું.
- ભારતે ગયા વર્ષે પૂર્વ આફ્રિકન દેશમાં ગુમ થયેલા બે ભારતીય નાગરિકોનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.
- બંને દેશો સંરક્ષણ, વેપાર, ઊર્જા, ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હેલ્થકેરના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા સંમત થયા છે.

- બંને પક્ષોએ સંરક્ષણ સહયોગ અંગે ચર્ચા કરી હતી અને લશ્કરી કવાયતો, ક્ષમતા નિર્માણ તેમજ બંને દેશોના સંરક્ષણ ઉદ્યોગને જોડવા પર ભાર મૂક્યો હતો.
- ભારતીય કંપનીઓને કેન્યામાં રોકાણ કરવા માટે કેન્યાના સાનુકૂળ અને આકર્ષક વાતાવરણનો લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું, ખાસ કરીને કૃષિ ઉત્પાદન, ફાર્માસ્યુટિકલ, આરોગ્ય, ગ્રીન એનર્જી અને ગ્રીન મોબિલિટી સેક્ટરમાં.
- આતંકવાદ જેવા ગંભીર પડકાર પર બંને પક્ષોએ આતંકવાદ વિરોધી સહયોગ વધારવાનો નિર્ણય કર્યો છે.

## કેન્યા

કેન્યા પૂર્વ આફ્રિકામાં સ્થિત દેશ છે.

- તેનો જમીન વિસ્તાર હિંદ મહાસાગરના નીચા તટીય મેદાનથી તેના કેન્દ્રમાં પર્વતો અને ઉચ્ચપ્રદેશો સુધી વિસ્તરેલો છે.
- કેન્યાની રાજધાની અને સૌથી મોટું શહેર નૈરોબી છે.
- કેન્યા ઉત્તર–પશ્ચિમમાં દક્ષિણ સુદાન, ઉત્તરમાં ઈથોપિયા, પૂર્વમાં સોમાલિયા, પશ્ચિમમાં યુગાન્ડા, દક્ષિણમાં તાંઝાનિયા અને દક્ષિણપૂર્વમાં હિંદ મહાસાગરથી ઘેરાયેલું છે.
- કેન્યા ઘણા વંશીય જૂથો અને ભાષાઓ સાથે વૈવિધ્યસભર સંસ્કૃતિ ધરાવે છે.
- કેન્યાના તુર્કાના બેસિનમાં અત્યાર સુધીના સૌથી જૂના માનવીઓમાંથી એકના અવશેષો મળી આવ્યા હતા.
- વિશ્વનું સૌથી મોટું રણ તળાવ તુર્કાના તળાવ, ઓમો–તુર્કાના બેસિનનો એક ભાગ છે, જે ચાર દેશો ઈથોપિયા, કેન્યા, દક્ષિણ સુદાન અને યુગાન્ડામાં વિસ્તરે છે.



## શ્રી માઈકલ ડગ્લાસ સત્યજીત રે લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત




તાજેતરમાં હોલિવુડના અભિનેતા અને નિર્માતા શ્રી માઈકલ ડગ્લાસને ગોવામાં 54માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)માં સિનેમામાં શ્રેષ્ઠતા માટે પ્રતિષ્ઠિત સત્યજીત રે લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

- શ્રી માઈકલ ડગ્લાસે વોલ સ્ટ્રીટ, ફેટલ એટ્રેક્શન, ધ વોર ઓફ ધ રોઝ, બેઝિક ઈન્સ્ટન્ટ જેવી ફિલ્મ કરી હતી.
- 54મો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI) 20 થી 28 નવેમ્બર, 2023 દરમિયાન ગોવામાં યોજાયો હતો.
- ગોવાના પણજી ખાતે ડો.શ્યામા પ્રસાદ મુખર્જી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે તેનું ભવ્ય ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

**નોંધ:** (1) ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI) એ 1952માં સ્થપાયેલ નોંધપાત્ર સિનેમેટિક ઈવેન્ટ છે અને એશિયાના અગ્રણી ફિલ્મ ફેસ્ટિવલ પૈકીનો એક છે.

(2) આ ફિલ્મ ફેસ્ટિવલ દર વર્ષે ગોવામાં યોજવામાં આવે છે.

ICE FOR COMPETITIVE EXAMS ®



| | | |
|---|---|---|
| 1. | સમગ્ર વિશ્વમાં દર વર્ષે કયા દિવસના રોજ 'માનવ અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) 9 ડિસેમ્બર (B) 10 ડિસેમ્બર (C) 11 ડિસેમ્બર (D) 12 ડિસેમ્બર | (B) |
| 2. | તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વાયબ્રન્ટ ગુજરાત સમિટના ભાગરૂપે નીચેના પૈકી કયા બે દેશની મુલાકાત લીધી હતી ?<br>(A) અમેરિકા–કેનેડા (B) કઝાકિસ્તાન–યુએઈ<br>(C) જાપાન–સિંગાપોર (D) જાપાન–ઓસ્ટ્રેલિયા | (C) |
| 3. | તાજેતરમાં શ્રી વિલિયમ રૂટો ભારતની મુલાકાતે આવ્યા હતા. તે કયા દેશના રાષ્ટ્રપતિ છે ?<br>(A) કેન્યા (B) કેનેડા (C) ઓસ્ટ્રિયા (D) મંગોલિયા | (A) |
| 4. | નવેમ્બર 2023માં ગોવામાં કેટલામો 'ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા' (IFFI) યોજાયો હતો ?<br>(A) 51મો (B) 52મો (C) 53મો (D) 54મો | (D) |
| 5. | તાજેતરમાં 54માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)માં 'સત્યજીત રે લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ'થી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ?<br>(A) શ્રી માઈકલ ડગ્લાસ (B) શ્રી માઈકલ ક્યુરો<br>(C) શ્રી રજનીકાંત (D) શ્રી જેકી શ્રોફ | (A) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 11 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ (International Mountain Day)



પર્વતોના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 11 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ 2003માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ પર્વતોના સંરક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સમુદાયને પ્રેરણા આપવાનો અને પર્વતોના મહત્વને રેખાંકિત કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વની 8મી અજાયબી : અંગકોર વાટ



કંબોડિયાના મધ્યમાં સ્થિત અંગકોર વાટને વિશ્વની 8મી અજાયબીનું પ્રતિષ્ઠિત બિરુદ આપવામાં આવ્યું છે.

- તેણે ઈટાલીના પોમ્પેઈને પાછળ છોડીને આ બિરુદ મેળવ્યું છે.
- અંગકોર વાટ વૈશ્વિક સ્તરે સૌથી વધુ મુલાકાત લેવાયેલા આકર્ષણોમાંનું એક છે.

### અંગકોર વાટ વિશે

અંગકોર વાટ એ એક વિશાળ મંદિર સંકુલ છે, જે કંબોડિયાના ઉત્તરીય પ્રાંત સિએમ રીપમાં આવેલું છે.

- અંગકોર વાટ એ વૈશ્વિક સ્તરે સૌથી મોટું ધાર્મિક સ્મારક છે.
- તે આશરે 400 એકરમાં ફેલાયેલું છે.
- 12મી સદીમાં ખ્મેર સામ્રાજ્યના સમ્રાટ સૂર્યવર્મન II દ્વારા ભગવાન વિષ્ણુને સમર્પિત હિન્દુ મંદિર તરીકે બાંધવામાં આવ્યું હતું.
- ત્યારબાદ તેનું બૌદ્ધમંદિરમાં રૂપાંતર થયું હતું, જે હવે હિન્દુ–બૌદ્ધ મંદિર તરીકે ઓળખાય છે.

- આ સ્થળ આઠ–શસ્ત્રધારી ભગવાન વિષ્ણુની પ્રતિમા માટે જાણીતું છે, જેને સ્થાનિક લોકો દ્વારા રક્ષણાત્મક દેવતા તરીકે ઓળખવામાં આવે છે.
- મંદિરની દિવાલો પરની જટિલ કોતરણી હિન્દુ અને બૌદ્ધ પૌરાણિક કથાઓના દશ્યો દર્શાવે છે.
- કેન્દ્રીય મંદિર સંકુલમાં મેરૂ પર્વતનું પ્રતિનિધિત્વ કરતા કમળના આકારના પાંચ ટાવર છે, જે હિન્દુ અને બૌદ્ધ બ્રહ્માંડશાસ્ત્રમાં દેવતાઓનું પૌરાણિક નિવાસ્થાન છે.
- તેની બાહ્ય દિવાલોની આસપાસ એક વિશાળ ખાઈ છે, જે આ પ્રાચીન અજાયબીની ભવ્યતામાં વધારો કરે છે.
- અંગકોર વાટને યશોધરાપુરા તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આધુનિક નામ અંગકોર વાટનો અર્થ થાય છે 'મંદિરોનું શહેર'.

નોંધ: (1) સૂર્યવર્મન IIને પરમવિષ્ણુલોક તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ખ્મેર સામ્રાજ્યના રાજા હતા જેમણે ઈ.સ. 1113 થી 1150 સુધી શાસન કર્યુ હતું.

(2) ખ્મેર સામ્રાજ્ય દક્ષિણપૂર્વ એશિયામાં અને હાલના કંબોડિયામાંની આસપાસનું હિન્દુ–બૌદ્ધ સામ્રાજ્ય હતું.

(3) આ સામ્રાજ્ય ઈ.સ.802 થી 1431 સુધી ચાલ્યું હતું.

(4) કંબોડિયાની રાજધાની ફનોમ પેન્હ છે.

## વિશ્વની અન્ય સાત અજાયબીઓ

| ક્રમ | અજાયબી | દેશ |
|---|---|---|
| 1 | ચીનની દીવાલ | ચીન |
| 2 | પેટ્રા | જોર્ડન |
| 3 | ક્રાઈસ્ટ ધ રિડીમર | બ્રાઝિલ |
| 4 | ચિચેન ઈત્ઝા | મેક્સિકો |
| 5 | કોલોસીયમ | ઈટાલી |
| 6 | તાજમહેલ | ભારત |
| 7 | માચુ પિચ્ચુ | પેરૂ |

નોંધ : ગીઝાના પિરામીડ અજાયબી છે પરંતુ તેને માનદ સભ્ય તરીકે માન્યતા આપવામાં આવી છે.

## ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલ 'અગ્નિ-1'નું સફળ પ્રશિક્ષણ પ્રક્ષેપણ

તાજેતરમાં ઓડિશાના એ.પી.જે. અબ્દુલ કલામ દ્વીપ પરથી ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલ 'અગ્નિ-1' (Agni-1)નું પ્રશિક્ષણ પ્રક્ષેપણ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

- સ્ટ્રેટેજિક ફોર્સીસ કમાન્ડના નેજા હેઠળ હાથ ધરવામાં આવેલા પ્રક્ષેપણે તમામ ઓપરેશનલ અને ટેકનિકલ માપદંડોને સફળતાપૂર્વક માન્ય કર્યા હતા.

## Agni-1 વિશે



અગ્નિ-1 એ ટૂંકા રેન્જની બેલેસ્ટિક મિસાઈલ (SRBM) છે.

- ભારત દ્વારા તેને અગ્નિ શ્રેણીની મિસાઈલોના ભાગરૂપે વિકસાવવામાં આવી છે.
- તે અગ્નિ શ્રેણીની પ્રથમ મિસાઈલ છે અને તેને પરમાણુ પેલોડ વહન કરવા સક્ષમ વ્યૂહાત્મક હથિયાર તરીકે ડિઝાઈન કરવામાં આવી છે.
- અગ્નિ-1 એ સિંગલ–સ્ટેજ, સોલિડ–ફ્યુઅલ મિસાઈલ છે, જેની રેન્જ લગભગ 700 થી 1200 કિલોમીટર છે.
- તે 1000 કિગ્રાના પેલોડને વહન કરી શકે છે.
- તે પરંપરાગત અને પરમાણુ બંને હથિયારો લઈ જવાની ક્ષમતા ધરાવે છે.
- સોલિડ–ફ્યુઅલ પ્રોપલ્શન સિસ્ટમ તેની ઓપરેશનલ ફ્લેક્સિબિલિટી વધારે છે અને લોન્ચની તૈયારીનો સમય ઘટાડે છે.
- અગ્નિ-1ને DRDO દ્વારા વિકસાવવામાં આવી હતી.
- અગ્નિ-1નું પ્રથમ વખત વર્ષ 1989માં ચાંદીપુર ખાતે ટેસ્ટ રેન્જમાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- ભારતીય સેનાએ વર્ષ 2007માં અગ્નિ-1ને સેવામાં સ્વીકારી હતી.

### અન્ય અગ્નિ મિસાઈલની પ્રહાર ક્ષમતા

| ક્રમ | મિસાઈલ | પ્રહાર ક્ષમતા |
|---|---|---|
| 1 | અગ્નિ-I | 700 થી 1200 કિ.મી. |
| 2 | અગ્નિ-II | 2000 કિ.મી. |
| 3 | અગ્નિ-III | 2500 કિ.મી. |
| 4 | અગ્નિ-IV | 3500 કિ.મી. |
| 5 | અગ્નિ-V | 5000 કિ.મી. |
| 6 | અગ્નિ-P | 1000 થી 2000 કિ.મી. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 'આંતરરાષ્ટ્રીય પર્વત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 ડિસેમ્બર (B) 11 ડિસેમ્બર (C) 12 ડિસેમ્બર (D) 13 ડિસેમ્બર **(B)**

2. તાજેતરમાં 'અંગકોર વાટ'ને વિશ્વની 8મી અજાયબી તરીકેનું બિરુદ આપવામાં આવ્યું છે. તે કયા દેશમાં સ્થિત છે ?

(A) ઈન્ડોનેશિયા (B) કંબોડિયા (C) મ્યાનમાર (D) શ્રીલંકા **(B)**

3. નીચેના પૈકી યોગ્ય જોડકા જોડો :

| 'A' | 'B' |
|---|---|
| 1. પેટ્રા | A. જોર્ડન |
| 2. ચિચેન ઈત્ઝા | B. મેક્સિકો |
| 3. ક્રાઈસ્ટ ધ રિડીમર | C. બ્રાઝિલ |
| 4. કોલોસીયમ | D. ઈટાલી |

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1-A, 2-B , 3-C, 4-D (B) 1-C, 2-A , 3-D, 4-B

(C) 1-C, 2-B , 3-D, 4-A (D) 1-D, 2-C , 3-B, 4-A **(A)**

4. તાજેતરમાં 'અગ્નિ-1' (Agni-1) મિસાઈલનું પ્રશિક્ષણ પ્રક્ષેપણ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ 'અગ્નિ-1' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. અગ્નિ-1 એ ટૂંકા રેન્જની બેલેસ્ટિક મિસાઈલ છે.
2. તેની રેન્જ લગભગ 700 થી 1200 કિ.મી. છે.
3. તે પરંપરાગત અને પરમાણુ એમ બંને હથિયારો લઈ જવા સક્ષમ છે.
4. આ મિસાઈલ ISROના સહયોગથી BHEL દ્વારા વિકસિત કરવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 ડિસેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ (International Universal Health Coverage Day)
## (2) આંતરરાષ્ટ્રીય તટસ્થતા દિવસ (International Day of Neutrality)

## અનુચ્છેદ-370 હટાવવાનો નિર્ણય યોગ્ય : સુપ્રીમ કોર્ટ




11 ડિસેમ્બર, 2023ના રોજ એક મહત્ત્વપૂર્ણ ચૂકાદામાં સુપ્રીમ કોર્ટે જમ્મુ કાશ્મીરમાં અનુચ્છેદ-370 હટાવવાના કેન્દ્ર સરકારના નિર્ણયને બંધારણીય રીતે યોગ્ય ઠેરવ્યો હતો.

- અનુચ્છેદ-370 હટાવવા સામે સુપ્રીમ કોર્ટમાં 23થી વધુ અરજીઓ થઈ હતી.
- સુપ્રીમ કોર્ટના 5 ન્યાયાધીશની બંધારણીય બેન્ચે ઠરાવ્યું હતું કે અનુચ્છેદ-370ની જોગવાઈ અસ્થાયી ધોરણે કરવામાં આવી હતી.

### સુપ્રીમ કોર્ટનો તાજેતરનો નિર્ણય શું છે ?

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે અનુચ્છેદ-370 તથા જમ્મુ અને કાશ્મીર બંધારણમાં પૂરતા પુરાવા છે જે દર્શાવે છે કે કાશ્મીરના સંદર્ભમાં તેની સાર્વભૌમત્વને છોડવા માટે વિલીનીકરણ કરારની જરૂર ન હતી.

- બંધારણનો અનુચ્છેદ-1 અને અનુચ્છેદ-370માં સ્પષ્ઠ કરવામાં આવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે.
- સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે ભારતના બંધારણની તમામ જોગવાઈઓ જમ્મુ અને કાશ્મીરને લાગુ પડે છે, ભારતનું બંધારણ સર્વોપરી છે.
- સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે અનુચ્છેદ-370 અસ્થાયી હતો. જમ્મુ કાશ્મીરમાં યુદ્ધને કારણે તે વચગાળાની વ્યવસ્થા હતી. તેને રદ કરવાની રાષ્ટ્રપતિને સત્તા છે.
- આ ઉપરાંત તેમણે જણાવ્યું કે અમે અનુચ્છેદ-370 રદ કરવાના રાષ્ટ્રપતિના આદેશને માન્ય રાખીયે છીએ. તથા લદાખ અને જમ્મુ કાશ્મીરને કેન્દ્રશાસિત બનાવવાના નિર્ણયને પણ માન્ય રાખીયે છીએ.

INSTITUTE FOR COMPETITIVE

- આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે કેન્દ્ર દ્વારા લેવામાં આવેલા દરેક નિર્ણયોને કોર્ટમાં પડકારી શકાય નહીં, આમ કરવાથી અરાજકતા ફેલાશે.
- સુપ્રીમ કોર્ટના અન્ય નિવેદન :

(1) જમ્મુ કાશ્મીર પાસે દેશના અન્ય રાજ્યોથી અલગ કોઈ આંતરિક સ્વાયત્તતા નથી.

(2) જમ્મુ કાશ્મીરનો સંપૂર્ણ રાજ્યનો દરજ્જો વહેલામાં વહેલી તકે સ્થાપિત કરવામાં આવે.

(3) જમ્મુ કાશ્મીરમાં 30 સપ્ટેમ્બર, 2024 સુધીમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણી યોજવા જણાવ્યું.

(4) જમ્મુ કાશ્મીર સંવિધાન સભાની ભલામણ ભારતના રાષ્ટ્રપતિને બંધનકર્તા નથી.

(5) આટલા વર્ષો પછી જમ્મુ કાશ્મીરમાંથી અનુચ્છેદ-370 હટાવવાની યોગ્યતાના મુદ્દે ચર્ચા કરવી યોગ્ય નથી.

(6) રાષ્ટ્રપતિ શાસન દરમિયાન કેન્દ્ર સરકાર કોઈ નિર્ણયો ન લઈ શકે તેવી માન્યતા ખોટી છે.

(7) સ્થિતિને ધ્યાનમાં લઈને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી શકાય છે.

(8) અનુચ્છેદ-356માં રાષ્ટ્રપતિને આ માટે સત્તા અપાઈ છે.

(9) અનુચ્છેદ-356નો યોગ્ય રીતે ઉપયોગ થવો જોઈએ.

(10) રાષ્ટ્રપતિ શાસન વખતે કેન્દ્ર સરકાર રાજ્ય વતી નિર્ણયો લઈ શકે છે.

(11) રાજ્ય વિધાનસભા ભંગ હોઈ ત્યારે તેની જગ્યાએ સંસદ કામ કરી શકે છે.

(12) અરજદારો સરકારના નિર્ણય કે નોટિફિકેશનને પડકારી શકે નહીં

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અનુચ્છેદ-370ની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

જમ્મુ કાશ્મીરના પુનર્ગઠન માટે ભારતના ગૃહ મંત્રીશ્રી અમિત શાહે 5 અને 6 ઓગસ્ટ, 2019ના રોજ અનુક્રમે ભારતની રાજ્યસભા અને લોકસભામાં ‘જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન બિલ, 2019’ (Jammu and Kashmir Reorganisation Bill, 2019) રજૂ કર્યુ હતું.

- આ બિલના સમર્થનમાં રાજ્યસભામાં 125 અને વિરુદ્ધમાં 61 મતો પડ્યા હતા.
- જ્યારે લોકસભામાં આ બિલ 370 વિરુદ્ધ 70 મતોથી પસાર કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ રાષ્ટ્રપતિની મંજૂરી બાદ આ બિલએ કાયદાનું સ્વરૂપ ધારણ કર્યુ હતું.

## જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન બિલ, 2019ની મહત્ત્વની જોગવાઈઓ

જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન બિલ, 2019ની મહત્ત્વની જોગવાઈ આ પ્રમાણે હતી :

(1) જમ્મુ કાશ્મીરનું વિભાજન બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં થશે : (i) કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર અને (ii) કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખ.

(2) આ બંનેમાંથી કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ–કાશ્મીરમાં વિધાનસભા હશે, જેનો કાર્યકાળ 5 વર્ષનો હશે.

(3) જમ્મુ કાશ્મીર વિધાનસભામાં 107 બેઠકો હશે, જે વધારીને 114 સુધી કરી શકાશે.

(4) જ્યારે લદ્દાખ માટે અલગ વિધાનસભાની જોગવાઈ કરવામાં આવી નથી.

(5) લેહ અને કારગિલ જિલ્લાનો સમાવેશ કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખમાં થયો હતો.

(6) જ્યારે જમ્મુ કાશ્મીરના અન્ય જિલ્લાઓ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અંતર્ગત રહેશે.

(7) જમ્મુ કાશ્મીર લોકસભાની વર્તમાન 6 બેઠકોમાંથી કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર માટે 5 અને લદ્દાખ માટે 1 બેઠક ફાળવવામાં આવી હતી.

(8) બિલ પહેલા જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા અને વિધાન પરિષદ એમ બંને અમલમાં હતી. જોકે બિલના અમલ બાદ જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા જ અસ્તિત્વમાં રહેવાની જોગવાઈ કરવામાં આવી હતી.

(9) જમ્મુ કાશ્મીરમાં અગાઉ 'રાજ્યપાલ' દ્વારા કેન્દ્ર સરકારનો વહીવટ ચલાવવામાં આવતો હતો. જ્યારે હવે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરમાં 'રાજ્યપાલ'ની જગ્યાએ 'ઉપરાજ્યપાલ'ની નિમણૂક કરવામાં આવે છે.

(10) કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરની વિધાનસભાના સત્રને બોલાવવાનો, સમાપ્ત કરવાનો અને વિસર્જન કરવાનો અધિકાર ઉપરાજ્યપાલ પાસે રહેશે.

(11) કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા હોવાથી ત્યાં મુખ્યમંત્રી અને મંત્રી પરિષદ પણ રહેશે.

(12) મુખ્યમંત્રી નિમણૂક ઉપરાજ્યપાલ કરશે જ્યારે અન્ય મંત્રીઓની નિમણૂક ઉપરાજ્યપાલ મુખ્યમંત્રીની સલાહથી કરશે.

(13) કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખનો વહીવટ કરવા માટે પણ રાષ્ટ્રપતિ અનુચ્છેદ-239 મુજબ ઉપરાજ્યપાલની નિમણૂક કરશે, પરંતુ ત્યાં વિધાનસભા હશે નહીં.

(14) જમ્મુ કાશ્મીરની હાઈકોર્ટ બિલના અમલ બાદ કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર અને કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખ એમ બંનેની સંયુક્ત હાઈકોર્ટ બની હતી.

(15) વિધાનસભા સાથેના કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર બન્યા બાદ તે ફક્ત રાજ્યયાદી અને સમવર્તી યાદીના વિષયો પર જ કાયદો બનાવી શકશે.

(16) આ ઉપરાંત 'જાહેર આદેશ' અને 'પોલીસ' જેવા રાજ્યયાદીના વિષયો પણ કેન્દ્ર સરકાર પાસે જ રહેશે જમ્મુ કાશ્મીર સરકાર પાસે નહીં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અનુચ્છેદ-367માં પેટા(4) ઉમેરવા માટેનો આદેશ

5 ઓગસ્ટ, 2019ના રોજ ભારતીય બંધારણના અનુચ્છેદ-370(1) દ્વારા આપવામાં આવેલી શક્તિઓનો ઉપયોગ કરીને રાષ્ટ્રપતિશ્રીએ 'The Constitution (Application to Jammu and Kashmir) Order, 2019' નામથી એક આદેશ જાહેર કર્યો હતો.

- આ આદેશ દ્વારા –
  (1) 'The Constitution (Application to Jammu and Kashmir) Order, 1954' રદ કરવામાં આવ્યો હતો.
  (2) ભારતીય બંધારણમાં સમય સમય પર કરવામાં આવતી બંધારણની તમામ જોગવાઈઓ જમ્મુ કાશ્મીરને લાગુ થશે અને આ જોગવાઈઓ જે અપવાદો અને ફેરફારના આધારે થશે તે અનુચ્છેદ 367ના પેટા (4)માં જોડવામાં આવી હતી.

## The Constitution Order, 1954 શું હતો ?

ભારતીય બંધારણના અનુચ્છેદ 370(1)(d) અનુસાર જમ્મુ–કાશ્મીર સરકાર (મંત્રી પરિષદ)ની સહમતિથી ભારતના રાષ્ટ્રપતિ પોતાના આદેશ દ્વારા ભારતીય બંધારણની જોગવાઈઓ જમ્મુ કાશ્મીરમાં લાગુ કરી શકે છે.

- આ અંતર્ગત ભારતમાં સૌપ્રથમ 1950માં રાષ્ટ્રપતિએ 'The Constitution (Application to Jammu and Kashmir) Order, 1950 અથવા તો 'બંધારણ (જમ્મુ કાશ્મીરને લાગુ) આદેશ, 1950' જાહેર કર્યો હતો.
- ઈ.સ. 1950માં જાહેર થયેલા આ આદેશ અંતર્ગત કેન્દ્ર સરકારને ત્રણ વિષયો : (1) સંરક્ષણ, (2) વિદેશ બાબતો અને (3) સંચાર બાબતે જમ્મુ કાશ્મીર માટે કાયદો ઘડવાની છૂટ મળી હતી.
- 1950 બાદ રાષ્ટ્રપતિએ 1954માં ફરીથી આદેશ જાહેર કર્યો હતો.
- જમ્મુ કાશ્મીરમાં 2019 પહેલા લાગુ થતી ભારતીય બંધારણની તમામ જોગવાઈઓ રાષ્ટ્રપતિના 1954ના આદેશ પ્રમાણે જ લાગુ થતી હતી.
- 1954ના રાષ્ટ્રપતિના આદેશની જમ્મુ કાશ્મીરને વિશેષાધિકારો આપતી કેટલીક જોગવાઈઓ આ પ્રમાણે હતી :

(1) ભારતીય બંધારણનો ભાગ-3 કે જે મૂળભૂત અધિકારો સાથે સંબંધિત છે તે જમ્મુ કાશ્મીરમાં અમુક અપવાદો સાથે લાગુ પડ્યો હતો. જે મુજબ જમ્મુ કાશ્મીરના નાગરિકોને સંપત્તિનો મૂળભૂત અધિકાર મળતો હતો. જ્યારે ભારતના નાગરિકો માટે 44મા બંધારણીય સુધારા 1978થી સંપત્તિના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે રદ કરવામાં આવ્યો છે.

(2) ભારતીય બંધારણનો ભાગ-4 'રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો' અને ભાગ-4 (ક) 'મૂળભૂત ફરજો' જમ્મુ કાશ્મીર રાજ્યને લાગુ પડતા ન હતા.

(3) ભારતીય બંધારણનો ભાગ-6 'રાજ્ય સરકાર' ભારતના તમામ રાજ્યોમાં લાગુ પડશે પણ તે જમ્મુ કાશ્મીરમાં લાગુ પડશે નહિ.

(4) ભારતમાં જે વિષયોનો સમાવેશ કેન્દ્ર યાદી, રાજ્ય યાદી કે સમવર્તીયાદીમાં થયો ન હોય તેવા તમામ અવશિષ્ટ યાદીના વિષયો પર કાયદો બનાવવાની સત્તા સંસદને છે. પરંતુ જમ્મુ કાશ્મીરમાં આ સત્તા જમ્મુ કાશ્મીર વિધાનમંડળને આપવામાં આવી હતી.

(5) ભારતીય બંધારણના ભાગ-16 અંતર્ગત રાજ્ય વિધાનસભામાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST)ને આપવામાં આવતી અનામતની જોગવાઈ જમ્મુ કાશ્મીરને લાગુ પડશે નહિ.

(6) ભારતીય બંધારણનો ભાગ–18 કે જે કટોકટીની જોગવાઈઓ સાથે સંબંધિત છે, તેની અસર જમ્મુ–કાશ્મીર રાજ્યમાં નીચે મુજબ લાગુ થતી :

(i) અનુચ્છેદ 352 મુજબ રાષ્ટ્રીય કટોકટી જો યુધ્ધ અને બાહ્ય આક્રમણોને લીધે ભારતમાં ઘોષિત થઈ હોય તો જમ્મુ–કશ્મીરને લાગુ પડશે. પરંતુ જો રાષ્ટ્રીય કટોકટી આંતરિક અશાંતિને લીધે જાહેર થાય તો તે રાજ્યમાં ફક્ત રાજ્ય–સરકારની (મંત્રીપરિષદની) ભલામણને આધારે જ લાગુ થશે.

(ii) ભારતના અન્ય રાજ્યોમાં અનુચ્છેદ 356 મુજબ રાષ્ટ્રપતિ શાસન લાગુ પડે છે. જ્યારે જમ્મુ કાશ્મીર રાજ્યમાં જમ્મુ કાશ્મીરના બંધારણની કલમ–92 મુજબ પહેલા 6 મહિના રાજ્યપાલ શાસન લાગુ થશે અને ત્યારબાદ રાષ્ટ્રપતિ શાસન લાગુ થશે.

(iii) અનુચ્છેદ 360 અંતર્ગતની 'નાણાકીય કટોકટી' જમ્મુ કાશ્મીરને લાગુ પડશે નહિ.

(7) ભારતીય બંધારણનો ભાગ–20 અનુચ્છેદ 368 'બંધારણીય સુધારા' સાથે સંકળાયેલો છે. આ ભાગ દ્વારા ભારતના બંધારણમાં થયેલ સુધારાઓ જમ્મુ કાશ્મીરમાં ત્યાં સુધી લાગુ નહિ પડે કે જ્યાં સુધી રાષ્ટ્રપતિ આદેશ દ્વારા તેને જાહેર ન કરે.

- પરંતુ બંધારણીય સુધારાને જમ્મુ કાશ્મીરમાં લાગુ કરતો આવો આદેશ રાષ્ટ્રપતિ જમ્મુ કાશ્મીર સરકારની (મંત્રીપરિષદની) સહમતિથી જ જાહેર કરી શકે છે.

(8) રાષ્ટ્રપતિના આદેશ 1954 મુજબ ભારતીય બંધારણની નીચે આપેલી 4 અનુસૂચિઓ જમ્મુ–કશ્મીરને લાગુ પડતી ન હતી :

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(i) પાંચમી અનુસૂચિ :– અનુસૂચિત વિસ્તારોના નિયંત્રણ અને વહીવટ સંબંધિત

(ii) છઠ્ઠી અનુસૂચિ :– અમુક ઉત્તર–પૂર્વ રાજ્યના આદિવાસી વિસ્તારના વહીવટ સંબંધિત

(iii) અગિયારમી અનુસૂચિ :– પંચાયતો સંબંધિત

(iv) બારમી અનુસૂચિ :– નગરપાલિકા સંબંધિત

## The Constitution Order, 1954 રદ થવાનું મહત્ત્વ

વર્ષ 2019ના રાષ્ટ્રપતિના આદેશથી 'બંધારણ (જમ્મુ કાશ્મીરને લાગુ) આદેશ, 1954' રદ થવાથી ઉપરોક્ત તમામ જોગવાઈઓ કે જે ભારતના અન્ય રાજ્યોના નાગરિકોને મળતી જોગવાઈઓથી ભિન્ન છે, તે આપો આપ જ હવે રદ થઈ ગઈ છે.

- આથી, હવે આ વિશેષ જોગવાઈઓ જમ્મુ કાશ્મીરમાં લાગુ પડતી નથી.

## અનુચ્છેદ 367ના પેટા (4)માં કઈ જોગવાઈ કરવામાં આવી હતી ?

રાષ્ટ્રપતિના વર્ષ 2019ના આદેશમાં ભારતીય બંધારણના અનુચ્છેદ 367માં પેટા (4) ઉમેરવામાં આવી છે. જેમાં કેટલાક શબ્દોમાં ફેરફાર કરવામાં આવ્યો હતો –

- અનુચ્છેદ 367(4)(b) અનુસાર 'રાજ્યની વિધાન સભાની (મંત્રી પરિષદ)ની સલાહ પર રાષ્ટ્રપતિ' શબ્દની જગ્યાએ 'જમ્મુ અને કાશ્મીરના રાજ્યપાલની ભલામણથી રાષ્ટ્રપતિ' શબ્દ ઉમેરવામાં આવ્યો છે.
- અનુચ્છેદ 367(4)(d) અનુસાર ભારતના બંધારણના અનુચ્છેદ 370માં ઉલ્લેખ કરવામાં આવેલ 'રાજ્યની બંધારણ સભા' શબ્દ હવે 'રાજ્યની વિધાનસભા' તરીકે ઓળખાશે.

## અનુચ્છેદ 367ના પેટા (4)ની જોગવાઈનું મહત્ત્વ

ભારતીય બંધારણના અનુચ્છેદ 367માં પેટા (4) ઉમેરીને તેમાં કરવામાં આવેલા ફેરફારોને કારણે જમ્મુ કાશ્મીરની વિધાનસભા કે મંત્રી પરિષદની સત્તા રાજ્યપાલને આપવામાં આવી છે.

- આ ઉપરાંત 'રાજ્યની બંધારણ સભા'ને સ્થાને 'રાજ્યની વિધાનસભા' શબ્દ કરવામાં આવ્યો છે. જે અનુચ્છેદ 370ની જોગવાઈઓ રદ કરવા માટે ખૂબ જ મહત્ત્વનો છે.
- આ અગાઉ અનુચ્છેદ 370ની જોગવાઈ રદ કરવા માટે 'રાજ્યની બંધારણ સભા'ની મંજૂરી જરૂરી હતી. હવે તે કાર્ય 'રાજ્યની વિધાનસભા'ની (તથા રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન દરમિયાન સંસદની) મંજૂરીથી પણ કરી શકાશે. અને આ જોગવાઈને આધારે જ અનુચ્છેદ 370 રદ કરવામાં આવી હતી.

## બંધારણની કઈ જોગવાઈને આધારે રાષ્ટ્રપતિએ વર્ષ 2019નો આદેશ જાહેર કર્યો હતો ?

ભારતીય બંધારણના અનુચ્છેદ 370(1) અથવા તો અનુચ્છેદ 370(1)(d) અંતર્ગત મળેલી સત્તાને આધારે રાષ્ટ્રપતિએ ઉપરોક્ત આદેશ જાહેર કર્યો હતો.

- અનુચ્છેદ 370 (1) (d) અનુસાર જમ્મુ કાશ્મીર સરકાર (મંત્રી પરિષદ)ની સહમતિથી ભારતના રાષ્ટ્રપતિ પોતાના આદેશ દ્વારા ભારતીય બંધારણની જોગવાઈઓ જમ્મુ કાશ્મીરમાં લાગુ કરી શકે છે.
- પરંતુ જમ્મુ કાશ્મીરમાં જ્યારે રાષ્ટ્રપતિ શાસન અસ્તિત્વમાં હોય ત્યારે રાજ્યપાલની સહમતિથી રાષ્ટ્રપતિ આ આદેશ લાગુ કરી શકતા હતા. 2019માં જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન હતું આથી રાષ્ટ્રપતિએ આ શક્તિનો ઉપયોગ કર્યો હતો.

## અનુચ્છેદ 370 હટાવવા માટેનું રાષ્ટ્રપતિનું જાહેરનામુ

6 ઓગસ્ટ 2019ના રોજ ભારતીય બંધારણના અનુચ્છેદ 370 (1) તથા અનુચ્છેદ 370 (3) દ્વારા આપવામાં આવેલી શક્તિઓનો ઉપયોગ કરીને સંસદની ભલામણ દ્વારા રાષ્ટ્રપતિશ્રીએ 6 ઓગસ્ટ 2019થી અનુચ્છેદ 370ની તમામ જોગવાઈઓ રદ કરી દીધી હતી.

અનુચ્છેદ 370 હવે આ રીતે વંચાઈ છે –

- ભારતીય બંધારણ, જમ્મુ કાશ્મીરનું બંધારણ કે અન્ય કોઈ પણ એક્ટ કે નિયમમાં બીજે ક્યાંય પણ જમ્મુ કાશ્મીરને લગતી ગમે તે જોગવાઈ હોય તેમ છતાં અને કોઈપણ જાતના અપવાદ વિના ભારતના બંધારણની તમામ જોગવાઈઓ જમ્મુ કાશ્મીર રાજ્યને લાગુ પડશે.

**નોંધ :** ઉપરોક્ત તમામ જોગવાઈઓ 'જમ્મુ કાશ્મીર પૂનર્ગઠન અધિનિયમ, 2019 પહેલાની હતી. જેની સર્વે વિદ્યાર્થી મિત્રોએ નોંધ લેવી.

## અનુચ્છેદ 370 હટાવવાનું મહત્ત્વ

અનુચ્છેદ 370 રદ થવાથી આ અનુચ્છેદ અંતર્ગત જમ્મુ કાશ્મીરને મળેલા તમામ વિશેષાધિકારો આપો આપ જ રદ થઈ ગયા હતા.

- આ ઉપરાંત વિવાદાસ્પદ અનુચ્છેદ 35-Aની જોગવાઈઓ પણ રદ થઈ ગઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAM

## અનુચ્છેદ 35-A શું હતો ?

ભારતીય બંધારણની કલમ 35-A દ્વારા જમ્મુ કાશ્મીર વિધાનસભાને જમ્મુ કાશ્મીરના 'કાયમી રહેવાસી (Permanent Residents)' કોને ગણવા તે નક્કી કરવાનો અને આવા 'કાયમી રહેવાસીઓને' ખાસ અધિકારો અને વિશેષાધિકારો આપવાની સત્તા આપવામાં આવી હતી.

- આ કલમ અંતર્ગત મળેલી સત્તા અનુસાર જમ્મુ કાશ્મીરના બંધારણમાં જમ્મુ કાશ્મીરના 'કાયમી રહેવાસીની વ્યાખ્યા સુનિશ્ચિત કરવામાં આવી છે. એ અનુસાર 14 મે 1954ના રોજ જે લોકો જમ્મુ કાશ્મીરના નાગરિક હોય અથવા સળંગ દસ વર્ષથી જમ્મુ કાશ્મીરમાં રહેતા હોય અને ત્યાં કાયદેસર રીતે સ્થાવર સંપત્તિ ધરાવતા હોય એવા લોકો જ જમ્મુ કાશ્મીરના 'કાયમી રહેવાસી' ગણાશે.

## જમ્મુ કાશ્મીરના કાયમી રહેવાસીને મળતા વિશેષાધિકારો શું હતા ?

જમ્મુ કાશ્મીરના આવા 'કાયમી રહેવાસી'ઓને જમ્મુ કાશ્મીરમાં કેટલાક વિશેષાધિકારો આપવામાં આવ્યા હતા, જેમ કે,

(1) ફક્ત જમ્મુ કાશ્મીરના 'કાયમી રહેવાસી'ને જ જમ્મુ કાશ્મીરમાં સંપત્તિ ધરાવવાનો હક છે.

(2) ફક્ત જમ્મુ કાશ્મીરમાં 'કાયમી રહેવાસી'ને જ જમ્મુ કાશ્મીરમાં નોકરી મેળવવાનો અધિકાર છે.

(3) જમ્મુ કાશ્મીરમાં સ્કોલરશિપ કે અન્ય સરકારી સહાય ફક્ત ત્યાંના 'કાયમી રહેવાસી'ઓને જ મળે છે.

- જમ્મુ કાશ્મીરમાં એવા ઘણા બધા લોકો જમ્મુ કાશ્મીરમાં છે કે જેઓ વર્ષોથી ત્યાં વસવાટ કરે છે અને તેમની પાસે ભારતીય નાગરિકતા છે. પરંતુ જમ્મુ કાશ્મીરના 'કાયમી રહેવાસી'નો દરજ્જો મળ્યો ન હતો. જેમ કે, આઝાદી બાદ ભાગલા સમયે પાકિસ્તાનથી આવેલા નિરાશ્રિતો, પંજાબથી આવેલા સફાઈ કામદારો અને કાશ્મીરી સૈન્ય માટે લડેલા ગુરખાઓને કાશ્મીરના 'કાયમી રહેવાસી' તરીકે સ્વીકારવામાં આવ્યા ન હતા.
- વળી જમ્મુ કાશ્મીરની મહિલા જો બિનકાશ્મીરી સાથે લગ્ન કરે તો તે મહિલાનો સંપત્તિનો અધિકાર ખત્મ થઈ જતો અને તેના બાળકોને પણ એ અધિકાર મળતો ન હતો.

## અનુચ્છેદ 35-A અંગેની બંધારણીય જોગવાઈ

14 મે 1954ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી ડો. રાજેન્દ્રપ્રસાદ દ્વારા એક આદેશ – The Constitution (Application of Jammu Kashmir) Order, 1954 બહાર પાડીને ભારતીય બંધારણમાં કલમ 35-A ઉમેરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આથી, અનુચ્છેદ 370ની તમામ જોગવાઈઓ રદ થતા અનુચ્છેદ 370 (1)(d)ને આધારે રચાયેલી અનુચ્છેદ 35-A પણ હવે આપો આપ જ રદ થઈ ગઈ હતી.

## અનુચ્છેદ 370 તથા 35-A રદ થવાથી શું અસર થઈ છે ?

ભારતના બંધારણમાંથી અનુચ્છેદ 370 તથા અનુચ્છેદ 35-A રદ થવાથી આ મુજબના ફેરફારો અથવા તો પરિવર્તન થયા હતા.

## અનુચ્છેદ 370ના વિશેષાધિકારો સમાપ્ત થવાની અસરો

| અનુચ્છેદ 370ના વિશેષાધિકારો અંતર્ગતની સ્થિતિ | અનુચ્છેદ 370ના વિશેષાધિકારો સમાપ્ત થયા બાદની સ્થિતિ |
|---|---|
| 1. અનુચ્છેદ 35A અંતર્ગત જમ્મુ કાશ્મીરના કાયમી નાગરિકોને વિશેષાધિકારો મળતા હતા. | 1. અનુચ્છેદ 35A રદ થયા બાદ જમ્મુ કાશ્મીરના કાયમી નાગરિકોને વિશેષાધિકારો મળશે નહિ. |
| 2. જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ રાજ્યને પોતાનો રાષ્ટ્ર ધ્વજ હતો. | 2. હવે જમ્મુ કાશ્મીર રાજ્યનો પોતાનો ધ્વજ રહ્યો નથી. ફક્ત ભારતનો રાષ્ટ્ર ધ્વજ જ માન્ય રહેશે. |
| 3. અન્ય રાજ્યોના નાગરિકો જમ્મુ કાશ્મીરમાં મિલકત ખરીદી શકતા ન હતા, તેઓને ફક્ત જમીન કે મિલકત લીઝ પર મળતી હતી. | 3. અન્ય રાજ્યના નાગરિકો પણ જમ્મુ કાશ્મીરમાં મિલકત ખરીદી શકશે. |
| 4. જમ્મુ કાશ્મીરના કાયમી નાગરિકોને બેવડી નાગરિકતા મળતી હતી. | 4. અનુચ્છેદ 370ના વિશેષાધિકારો સમાપ્ત થયા બાદ હવે જમ્મુ કાશ્મીરના નાગરિકો અન્ય નાગરિકોની જેમ ફક્ત ભારતના નાગરિક ગણાશે. |
| 5. જમ્મુ કાશ્મીરમાં SC અને STને અનામત મળતું ન હતું. | 5. જમ્મુ કાશ્મીરમાં SC અને STને અનામત મળશે. |
| 6. અનુચ્છેદ 356 જમ્મુ કાશ્મીરમાં અપવાદો સાથે લાગુ પડતી. (ઉદા. પહેલા 6 મહિના રાજ્યપાલ શાસન અને પછી રાષ્ટ્રપતિ શાસન) | 6. અનુચ્છેદ 356 જમ્મુ કાશ્મીર રાજ્યમાં અપવાદો વિના લાગુ પડશે (ઉદા. સીધુ રાષ્ટ્રપતિ શાસન) |
| 7. ભારતનું બંધારણ જમ્મુ કાશ્મીરમાં અમુક અપવાદોથી લાગુ થતું હતું. | 7. હવેથી ભારતનું સંપૂર્ણ બંધારણ કોઈ પણ જાતના અપવાદો વિના જમ્મુ કાશ્મીરમાં લાગુ થયું છે. |

| | |
|---|---|
| 8. જમ્મુ કાશ્મીરમાં માહિતીનો અધિકાર (RTI) લાગુ પડતો ન હતો. | 8. જમ્મુ કાશ્મીરમાં માહિતીનો અધિકાર (RTI) લાગુ થશે. |
| 9. રાજ્યની વિધાનસભાનો કાર્યકાળ 6 વર્ષનો હતો. | 9. રાજ્યની વિધાનસભાનો કાર્યકાળ 5 વર્ષનો થયો છે. |
| 10. મૂળભૂત અધિકારો અપવાદોથી લાગુ થતા અને જમ્મુ કાશ્મીરના નાગરિકોને સંપત્તિનો અધિકાર મૂળભૂત અધિકાર હતો. | 10. મૂળભૂત અધિકારો અન્ય નાગરિકોની જેમ જ મળશે. ભારતના બંધારણમાં સંપત્તિનો અધિકાર મૂળભૂત નથી. જે હવે જમ્મુ–કાશ્મીરમાં પણ લાગુ થયો છે. |
| 11. અન્ય રાજ્યના નિવાસીને જમ્મુ કાશ્મીરમાં જાહેર ક્ષેત્રમાં રોજગારી મળતી ન હતી. | 11. અન્ય રાજ્યના નિવાસીને જમ્મુ કાશ્મીરમાં જાહેર ક્ષેત્રમાં રોજગારી મળશે. |
| 12. જમ્મુ કાશ્મીરમાં અનુચ્છેદ 360 (નાણાકીય કટોકટી) લાગુ પડતી ન હતી. | 12. જમ્મુ કાશ્મીરમાં અનુચ્છેદ 360 (નાણાકીય કટોકટી) લાગુ પડશે. |
| 13. જમ્મુ–કશ્મીરમાં પહેલા રાજ્યપાલ કાર્ય કરતા. | 13. હવેથી રાજ્યપાલની બદલે ઉપરાજ્યપાલ હોય છે. |

## ભારતીય બંધારણની કઈ જોગવાઈઓને આધારે રાષ્ટ્રપતિશ્રીએ અનુચ્છેદ 370 રદ કરી હતી ?

ભારતીય બંધારણના અનુચ્છેદ 370 (1) તથા અનુચ્છેદ 370 (3)ને આધારે મળેલા વિશેષાધિકારોને આધારે સંસદની ભલામણથી રાષ્ટ્રપતિશ્રીએ જાહેરનામુ (Declaration) પ્રસિદ્ધ કરીને અનુચ્છેદ 370ની તમામ જોગવાઈઓ નાબૂદ કરી હતી.

- ભારતીય બંધારણના અનુચ્છેદ 370 (1) અનુસાર રાષ્ટ્રપતિ જમ્મુ કાશ્મીર સરકારની (મંત્રી પરિષદની) સહમતિથી ભારતીય બંધારણની કોઈ જોગવાઈ જમ્મુ કાશ્મીરમાં લાગુ કરી શકતા હતા.
- જમ્મુ કાશ્મીરમાં તે સમયે રાષ્ટ્રપતિ શાસન હોવાથી રાજ્યપાલની સહમતિથી રાષ્ટ્રપતિ ભારતીય બંધારણની જોગવાઈ જમ્મુ કાશ્મીરમાં લાગુ કરી હતી.
- આ ઉપરાંત ભારતીય બંધારણના અનુચ્છેદ 370 (3) અનુસાર ભારતના રાષ્ટ્રપતિ જાહેરનામા દ્વારા આદેશ આપીને અનુચ્છેદ 370 રદ કરી શકે છે.
- જોકે, રાષ્ટ્રપતિ આવો આદેશ 'જમ્મુ કાશ્મીરની બંધારણ સભા'ની ભલામણથી જ આપી શકતા હતા.
- પરંતુ, 5 ઓગસ્ટ, 2019ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરવામાં આવેલા આદેશ અનુસાર ભારતીય બંધારણના અનુચ્છેદ 367(4)(d) અનુસાર 'જમ્મુ કાશ્મીરની બંધારણ સભા'નો અર્થ હવે 'જમ્મુ કાશ્મીરની વિધાનસભા' થશે.

- પરિણામે, 2019માં જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન હોવાથી 'જમ્મુ કાશ્મીર વિધાનસભા'ની જગ્યાએ સંસદની ભલામણથી અનુચ્છેદ 370 (3) અંતર્ગત મળેલી સત્તાને આધારે રાષ્ટ્રપતિશ્રીએ અનુચ્છેદ 370 રદ કરી હતી.
- રાષ્ટ્રપતિ શાસન દરમિયાન સંસદની ભલામણ વિધાનસભાની ભલામણ ગણી શકાય છે કેમ કે ભારતીય બંધારણના અનુચ્છેદ 356(1)(b) મુજબ રાષ્ટ્રપતિ શાસન દરમિયાન રાજ્ય વિધાનમંડળનો વહીવટ સંસદ કરી શકે છે.

## જમ્મુ-કાશ્મીર અને અનુચ્છેદ 370ની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ તથા જમ્મુ-કાશ્મીરનું ભારતમાં જોડાણ (વિલય) અને તેનો ઈતિહાસ

- ભારતમાં આઝાદી બાદ અંદાજે કુલ 562 દેશી રજવાડાઓ હતા.
- ભારતની આઝાદી બાદ દેશી રજવાડાઓ પાસે ત્રણ વિકલ્પ હતા :

  (1) કાં તો તેઓ ભારતમાં જોડાઈ શકે.

  (2) અથવા તેઓ પાકિસ્તાનમાં જોડાય.

  (3) કે પછી તેઓ સ્વતંત્ર રહે.

- આ દેશી રજવાડાઓને ભારતમાં જોડાવા માટે જૂન, 1947માં 'રિયાસતી (એટલે કે રજવાડા) મંત્રાલય'ની કમાન શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને સોંપવામાં આવી હતી.
- શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે કુનેહપૂર્વક દેશી રજવાડાઓના વિલિનિકરણની પ્રક્રિયા હાથ ધરી અને 15 ઓગસ્ટ, 1947 સુધીમાં બધા દેશી રજવાડાઓને ભારતમાં જોડાવાની ચેતવણી આપી હતી.
- ઉપરોક્ત ચેતવણીના પરિણામે ત્રણ દેશી રજવાડાઓ સિવાય બાકીના બધા જ દેશી રજવાડાઓ ભારતીય સંઘમાં જોડાવા તૈયાર થઈ ગયા.
- બાકી રહેલા ત્રણ દેશી રજવાડાઓમાં જૂનાગઢ, હૈદરાબાદ અને જમ્મુ કાશ્મીરનો સમાવેશ થાય છે.
- જેમાંથી જૂનાગઢને લોકમત દ્વારા અને હૈદરાબાદને "ઓપરેશન પોલો" નામની સૈન્ય કાર્યવાહી દ્વારા ભારતમાં જોડવામાં આવ્યા.
- જ્યારે જમ્મુ કાશ્મીરનું ભારતમાં જોડાણ (અથવા તો વિલય) નીચેની પ્રક્રિયાને આધારે થયું હતું.

## જમ્મુ-કશ્મીરનું ભારતમાં જોડાણ (વિલય)

જમ્મુ કાશ્મીરના રાજા હરિસિંહે ન તો પાકિસ્તાન સાથે જોડાવાની સહમતિ દર્શાવી ન તો ભારત સાથે જોડાવાની સહમતિ દર્શાવી પરંતુ તેમણે કાશ્મીરને સ્વતંત્ર રાખવાનો વિકલ્પ પસંદ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આથી મહંમદ અલી ઝીણાએ જમ્મુ કાશ્મીરને પાકિસ્તાન સાથે જોડાવા માટે દબાણ કર્યું હતું.
- ત્યારબાદ 22 ઓક્ટોબર, 1947ના રોજ પાકિસ્તાનથી 'કબીલા' નામની લૂંટારુ ટોળકીએ શ્રીનગર કબ્જે કરી કાશ્મીરને પાકિસ્તાન સાથે જોડવાનો પ્રયત્ન કર્યો હતો.
- આથી 25 ઓક્ટોબર, 1947ના રોજ રાજા હરિસિંહે પાકિસ્તાનની લૂંટારુ ટોળકીઓના આક્રમણથી રક્ષણ મેળવવા ભારતીય સૈન્યની મદદ માટે અપીલ કરી હતી.
- પરંતુ શ્રી સરદાર પટેલે એવી શરત મૂકી હતી કે, જમ્મુ કાશ્મીર ભારતમાં ન જોડાય ત્યાં સુધી ભારત સૈન્ય મદદ મોકલશે નહીં.
- આથી, રાજા હરિસિંહ અને જમ્મુ કાશ્મીરની 'નેશનલ કોન્ફરન્સ' પાર્ટીના નેતા શેખ અબ્દુલ્લાએ જમ્મુ કાશ્મીરના અલગ બંધારણના આધારે ભારત સાથે જોડાવાની સહમતિ દર્શાવી હતી.
- 26 ઓક્ટોબર, 1947ના રોજ રાજા હરિસિંહે વિલય પત્ર (Instrument of Accession) પર હસ્તાક્ષર કર્યા.
- એ સમયે વિલય પત્ર પર સહી કરી કોઈપણ દેશી રજવાડું ભારતીય સંઘમાં જોડાઈ શકતું હતું.
- વિલય – પત્ર અનુસાર જમ્મુ–કશ્મીરે ત્રણ વિષયો (1) સંરક્ષણ (2) વિદેશ બાબતો અને (3) સંચારને ભારતની કેન્દ્ર સરકારને સોંપ્યા જ્યારે બાકી વિષયો બાબતે સત્તા જમ્મુ–કશ્મીર રાજ્યે પોતાની પાસે રાખી હતી.
- તે સમયે ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂ દ્વારા જમ્મુ કાશ્મીરના લોકોને એવું આશ્વાસન આપવામાં આવ્યું હતું કે જમ્મુ–કશ્મીરના લોકો પોતાની બંધારણ સભાનું નિમાર્ણ કરશે અને જમ્મુ કાશ્મીર માટે વિશેષ જોગાવઈ કરવામાં આવશે.
- ત્યારબાદ ભારતે કાશ્મીરમાં ભારતીય સેના મોકલી શ્રીનગર કબજે કર્યું. કાશ્મીરના 2/3 ભાગ પર ભારતે કબજો કર્યો અને 1/3 ભાગ પર પાકિસ્તાનનો કબજો રહ્યો.
- પાકિસ્તાનના કબજામાં રહેલા કશ્મીરના આ ભાગને પાકિસ્તાન ઓક્યુપાઈડ કશ્મીર (PoK) તરીકે ઓળખવામાં આવે છે.
- ભારત–પાકિસ્તાનના આ સંઘર્ષના મુદ્દાને શ્રી જવાહરલાલ નહેરુ દ્વારા સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં લઈ જવામાં આવ્યો અને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા યુદ્ધવિરામ (Cease Fire) જાહેર કરવામાં આવ્યું.
- યુદ્ધવિરામ બાદ પાકિસ્તાનના કબજા પરના કાશ્મીરના મુદ્દાનો સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 1951માં નિર્ણય આવ્યો.
- સંયુક્ત રાષ્ટ્ર સંઘના આ નિર્ણય અનુસાર ભારત દ્વારા કાશ્મીરમાં જનમતસંગ્રહ (Plebicite) કરાવવાનો હતો. જનમત સંગ્રહ એટલે લોકો નક્કી કરે કે તેઓ ભારતમાં જોડાવવા માગે છે કે પાકિસ્તાનમાં.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- એ જનમત સંગ્રહ કરાવવા પહેલા બે શરતોને પૂરી કરવાની આવશ્યકતા હતી.
  (i) પાકિસ્તાન અધિકૃત કાશ્મીરથી પાકિસ્તાનની સેનાને પાછા બોલાવવામાં આવે.
  (ii) આ જનમત સંગ્રહ શ્રીનગરના પ્રશાસન અંતર્ગત કરાવવામાં આવે.
- જોકે પાકિસ્તાને પાકિસ્તાન અધિકૃત કશ્મીર(PoK)થી પોતાની સેના પાછી બોલાવી આ શર્ત પૂર્ણ કરી નહિ જેથી ભારત દ્વારા પણ જનમત સંગ્રહ કરવામાં આવ્યો નહિ.
- શ્રી જવાહરલાલ નહેરૂ દ્વારા આપવામાં આવેલા આશ્વાસન મુજબ ભારતીય બંધારણમાં જમ્મુ–કશ્મીર રાજ્યને અનુચ્છેદ 370 અંતર્ગત વિશેષ દરજ્જો આપવામાં આવ્યો હતો.

## જમ્મુ કાશ્મીર રાજ્યની બંધારણીય સભા

જમ્મુ કાશ્મીર રાજ્યની બંધારણીય સભા પ્રથમ વખત 31 ઓક્ટોબર, 1951 ના રોજ મળી હતી.

- 5 વર્ષમાં આ બંધારણીય સભાએ જમ્મુ–કાશ્મીર રાજ્યના બંધારણનું નિર્માણ કર્યુ હતું અને 17 નવેમ્બર, 1956 ના રોજ જમ્મુ–કાશ્મીર રાજ્યનું બંધારણ સ્વીકારવામાં આવ્યું હતું.
- 20 જાન્યુઆરી, 1957 ના રોજ જમ્મુ–કાશ્મીર રાજ્યનું બંધારણ અમલમાં મૂકવામાં આવ્યું હતું.

## જમ્મુ કાશ્મીરના બંધારણની મહત્ત્વની જોગવાઈઓ શું હતી ?

જમ્મુ કાશ્મીરનું બંધારણ જમ્મુ કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ જાહેર કરે છે.

- જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ જમ્મુ કાશ્મીરને પોતાના રાજ્ય નીતિના માર્ગદર્શક સિધ્ધાંતો છે.
- જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા અને વિધાન પરિષદ હશે.
- જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ જમ્મુ કાશ્મીરમાં પોતાની હાઈકોર્ટ છે.
- જમ્મુ કાશ્મીરના બંધારણની કલમ–92 મુજબ જો જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન લાગે તો સૌપ્રથમ 6 મહિના માટે રાજ્યપાલ શાસન રહેશે અને ત્યારબાદ રાષ્ટ્રપતિ શાસન લાગુ થશે.
- જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ જમ્મુ કાશ્મીરની સત્તાવાર ભાષા 'ઉર્દુ' રહેશે.
- પહેલા જમ્મુ–કશ્મીરમાં વડાપ્રધાન પદ હતું અને વડાપ્રધાન 'વઝીર–એ–આઝમ' તરીકે ઓળખાતા હતા. જ્યારે રાજ્યપાલ 'સદર–એ–રિયાસત' તરીકે ઓળખાતા હતા.
- પરંતુ ત્યારબાદ વડાપ્રધાનની જગ્યાએ 'મુખ્યમંત્રી' અને 'સદર–એ–રિયાસત'ની જગ્યાએ 'રાજ્યપાલ' નામો મંજૂર કરવામાં આવ્યા હતા.
- જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ જમ્મુ કાશ્મીર રાજ્યની વિધાનસભાનો કાર્યકાળ 6 વર્ષનો રહેશે.

- જમ્મુ કાશ્મીરના બંધારણ મુજબ જમ્મુ કાશ્મીર રાજ્યનો નાગરિક ભારતનો નાગરિક છે અને સાથે સાથે તે જમ્મુ કાશ્મીરનો પણ નાગરિક છે. (આમ તે બેવડી નાગરિકતા ધરાવતા હતા.)
- જમ્મુ કાશ્મીરની બંધારણ સભાએ 7 જૂન, 1952ના રોજ પોતાના રાજ્યનો અલગ ધ્વજ સ્વીકાર્યો હતો.

## અનુચ્છેદ 370 હટાવ્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં શાંતિ અને સુરક્ષાની સ્થિતિ શું છે ?

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) જેવી કેન્દ્રીય એજન્સીઓ દ્વારા સુરક્ષાની હાજરી અને કાર્યવાહીમાં વધારો થવાને કારણે પથ્થરબાજીના કેસમાં ઘટાડો થયો છે.

- પથ્થરમારાની ઘટનાઓની સંખ્યા 2019માં 618થી ઘટીને 2020માં 222 થઈ હતી.
- તથા સુરક્ષા દળોને ઈજાઓ 2019માં 64થી ઘટીને 2021માં 10 થઈ છે.
- પેલેટ ગન અને લાઠીચાર્જને કારણે ઘાયલ થયેલા નાગરિકોની સંખ્યા 2019માં 339થી ઘટીને 2021માં 25 થઈ છે.
- જમ્મુ કાશ્મીરમાં કાયદો અને વ્યવસ્થામાં પણ સુધારો થયો છે કારણ કે 2022માં કાયદો અને વ્યવસ્થાની માત્ર 20 ઘટનાઓ નોંધાઈ હતી.
- આતંકવાદીઓ અને ઓવર–ગ્રાઉન્ડ કામદારોની ધરપકડ (OGWS) 2019માં 82થી વધીને 2021માં 178 થઈ ગઈ છે.
- અગાઉના 10 મહિનાની સરખામણીએ ઓગસ્ટ, 2019થી જૂન, 2022 સુધીમાં આતંકવાદી કૃત્યોમાં 32%નો ઘટાડો થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'સૂર્ય કિરણ - XVII' કવાયત : ભારત - નેપાળ




ભારત અને નેપાળની સેનાઓ વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ 'સૂર્ય કિરણ'ની 17મી આવૃત્તિ ઉત્તરાખંડના પિથોરાગઢમાં 24 નવેમ્બર થી 7 ડિસેમ્બર, 2023 દરમિયાન યોજાઈ હતી.

- 'સૂર્ય કિરણ' એ વાર્ષિક કવાયત છે જે બંને દેશો વચ્ચે વૈકલ્પિક રીતે હાથ ધરવામાં આવે છે.
- આ આવૃત્તિમાં ભાગ લેવા માટે 334 જવાનોની બનેલી નેપાળની સૈન્ય ટુકડી ભારત આવી હતી.
- 354 જવાનોની બનેલી ભારતીય સેનાની ટુકડીનું નેતૃત્વ કુમાઓન રેજિમેન્ટની બટાલિયન દ્વારા કરવામાં આવી રહ્યું છે. તથા નેપાળ આર્મી ટૂકડીનું નેતૃત્વ તારા દલ બટાલિયનએ કર્યુ હતું.

- આ કવાયતનો ઉદ્દેશ્ય શાંતિ જાળવણી કામગીરી પર સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર હેઠળ જંગલ યુદ્ધ, પર્વતીય પ્રદેશોમાં આતંકવાદ વિરોધી કામગીરી અને માનવતાવાદી સહાય તથા આપત્તિ રાહતમાં આંતરપ્રક્રિયાને વધારવાનો છે.
- આ કવાયતે ડ્રોન રોજગાર અને ડ્રોન વિરોધી પગલા, તબીબી તાલીમ, ઉડ્ડયન પાસાઓ અને પર્યાવરણ સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રીત કર્યુ હતું.
- આ કવાયત ભારત અને નેપાળના સૈનિકોને વિચારો અને અનુભવોનું આદાન–પ્રદાન કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- કવાયત સૂર્ય કિરણ ભારત અને નેપાળ વચ્ચે અસ્તિત્વમાં રહેલા મિત્રતા, વિશ્વાસ અને સામાન્ય સાંસ્કૃતિક જોડાણોના મજબૂત બંધોને દર્શાવે છે.

**નોંધ :** આ અગાઉ વર્ષ 2022માં સૂર્યકિરણ કવાયતની 16મી આવૃત્તિ નેપાળમાં સાલઝંડીના નેપાળ આર્મી બેટલ સ્કૂલ ખાતે આયોજિત કરવામાં આવી હતી.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

(A) 10 ડિસેમ્બર (B) 11 ડિસેમ્બર (C) 12 ડિસેમ્બર (D) 13 ડિસેમ્બર **(C)**

**2.** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય તટસ્થતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 10 ડિસેમ્બર (B) 11 ડિસેમ્બર (C) 12 ડિસેમ્બર (D) 13 ડિસેમ્બર **(C)**

**3.** તાજેતરના એક મહત્ત્વપૂર્ણ ચૂકાદામાં સુપ્રીમ કોર્ટે જમ્મુ કાશ્મીરમાં અનુચ્છેદ 370 હટાવવાના કેન્દ્ર સરકારના નિર્ણયને બંધારણીય રીતે યોગ્ય ઠેરવ્યો હતો. આ અનુચ્છેદ 370 સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. વર્ષ 2019માં 'જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન બિલ, 2019' બાદ જમ્મુ કાશ્મીરમાંથી અનુચ્છેદ 370 હટાવવામાં આવ્યો હતો.
2. વર્ષ 2019 પહેલા અનુચ્છેદ 370 અને અનુચ્છેદ 35A અંતર્ગત જમ્મુ કાશ્મીરના કાયમી નાગરિકોને વિશેષાધિકારો મળતા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

**4.** જમ્મુ–કાશ્મીર અને લદ્દાખને કયા વર્ષે કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવવામાં આવ્યા હતા ?

(A) 2018 (B) 2019 (C) 2020 (D) 2021 **(B)**

**5.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'સૂર્ય કિરણ' એ ભારત અને કયા દેશ વચ્ચે દર વર્ષે આયોજિત લશ્કરી કવાયત છે ?

(A) નેપાળ (B) મ્યાનમાર (C) બાંગ્લાદેશ (D) ભૂટાન **(A)**

**6.** વર્ષ 2023માં ભારત અને નેપાળ વચ્ચે 'સૂર્ય કિરણ' અભ્યાસની કેટલામી આવૃત્તિ યોજાઈ હતી ?

(A) 15મી (B) 16મી (C) 17મી (D) 18મી **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વર્લ્ડ એથ્લેટ ઓફ ધ યર - 2023

અમેરિકાના શ્રી નોહ લાયન્સ અને કેન્યાના સુશ્રી ફેથ કિપ્યેગોનને આ વર્ષના ટ્રેક કેટેગરીના શ્રેષ્ઠ એથ્લેટ જાહેર કરવાની સાથે તેમને 'એથ્લેટ ઓફ ધ યર'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.



- વર્લ્ડ એથ્લેટિક્સની સર્વોચ્ચ સંસ્થા IAAFએ આ વર્ષથી પ્રથમવાર જુદી–જુદી ત્રણ કેટેગરીમાં કુલ મળીને છ ખેલાડીઓને વર્ષના શ્રેષ્ઠ ખેલાડી તરીકે સન્માનિત કર્યા હતા.
- નોંધનીય છે કે ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર ખેલાડી શ્રી નીરજ ચોપરાને પણ એથ્લેટ ઓફ ધ યરની ફિલ્ડ કેટેગરીમાં નોમિનેશન મળ્યું હતું પણ તેઓ એવોર્ડ જીતી શક્યા ન હતા.
- વર્લ્ડ એથ્લેટિક્સ એવોર્ડ 2023ના અન્ય વિજેતાઓ :

(1) એથ્લેટ ઓફ ધ યર– વિમેન્સ આઉટ ઓફ સ્ટેડિયા : ટિગાસ્ટે અસેફા (ઈથોપિયા)

(2) એથ્લેટ ઓફ ધ યર – મહિલા ક્ષેત્ર : યુલીમાર રોજાસ (વેનેઝુએલા)

(3) એથ્લેટ ઓફ ધ યર – પુરુષ ક્ષેત્ર : આર્મન્ડ 'મોન્ડો' ડુપ્લાન્ટિસ (સ્વીડન)

(4) એથ્લેટ ઓફ ય ધર – મેન્સ આઉટ ઓફ સ્ટેડિયા : કેલ્વિન કિપ્ટોપ (કેન્યા)

(5) રાઈઝિંગ સ્ટાર ઓફ ધ યર – ફેઈથ ચેરોટીચ અને ઈમેન્યુઅલ વેન્યોની (કેન્યા)

## COP28 : દુબઈ, યુએઈ

તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (UNFCCC)ના પક્ષકારોની 28મી કોન્ફરન્સ (COP28) સંયુક્ત આરબ અમીરાતના દુબઈમાં યોજાઈ હતી.



- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2028ની યુએન ક્લાઈમેટ સમિટ COP33 ભારતમાં યોજવા અંગે પ્રસ્તાવ મૂક્યો હતો.
- નોંધનીય છે કે COP28 30 નવેમ્બર થી 12 ડિસેમ્બર 2023 દરમિયાન યોજાઈ હતી.

### COP28ના-મુખ્ય મુદ્દાઓ

## Loss and Damage (L&D) Fund

COP28 સભ્ય દેશોએ આબોહવા પરિવર્તનની અસરોનો સામનો કરી રહેલા દેશોને વળતર આપવાના ઉદ્દેશ્યથી 'લોસ એન્ડ ડેમેજ' (L&D) ફંડનું સંચાલન કરવા માટે કરાર કર્યો હતો.

- UNFCCC અને પેરિસ કરાર અનુસાર વિશ્વ બેંક ચાર વર્ષ માટે ફંડનું 'વચગાળાનું યજમાન' રહેશે.
- જેમાં તમામ વિકાસશીલ દેશો અરજી કરવા પાત્ર છે અને દરેક દેશને સ્વૈચ્છિક યોગદાન આપવા માટે 'આમંત્રિત' કરવામાં આવ્યા છે.
- ફંડની ચોક્કસ ટકાવારી ઓછા વિકસિત દેશો અને નાના ટાપુ વિકાસશીલ દેશો માટે નિર્ધારિત કરવામાં આવી છે.

## ગ્લોબલ સ્ટોકટેક ટેક્સ્ટ

ગ્લોબલ સ્ટોકટેક (GST) એ વર્ષ 2015માં પેરિસ કરાર હેઠળ સ્થાપિત સામયિક સમીક્ષા પદ્ધતિ છે.

- ગ્લોબલ સ્ટોકટેક (GST) ટેક્સ્ટની 5મી આવૃત્તિ COP28માં બહાર પાડવામાં આવી હતી અને કોઈપણ આપત્તિ વિના અપનાવવામાં આવી હતી.
- ટેક્સ્ટ વૈશ્વિક તાપમાનમાં વધારો 1.5 ડિગ્રી સેલ્સિયસની અંદર રાખવા માટે આઠ પગલા સૂચવે છે :

(1) વૈશ્વિક સ્તરે રિન્યુએબલ એનર્જી ક્ષમતા ત્રણ ગણી અને 2030 સુધીમાં ઊર્જા કાર્યક્ષમતા સુધારણાના વૈશ્વિક સરેરાશ દર કરતા બમણી કરવી.

(2) અવિરત કોલસા ઊર્જાને તબક્કાવાર રીતે દૂર કરવાના પ્રયાસોને વેગ આપવો.

(3) સદીના મધ્યમાં અથવા તેની આસપાસ શૂન્ય અને ઓછા કાર્બન ઈંધણનો ઉપયોગ કરીને ચોખ્ખી શૂન્ય ઉત્સર્જન ઊર્જા પ્રણાલીઓ તરફ વૈશ્વિક સ્તરે પ્રયાસોને વેગ આપવો.

(4) ઊર્જા પ્રણાલીઓમાં ટકાઉ અશ્મિભૂત ઈંધણ રિપ્લેસમેન્ટ તરફના પ્રયત્નોને વધારવા માટે શૂન્ય અને ઓછી ઉત્સર્જન તકનીકોને વેગ આપવો, જેમાં અન્ય બાબતોની સાથે નવીનીકરણીય, પરમાણુ, ઘટાડો અને દૂર કરવાની તકનીકો સામેલ છે. તથા તેમાં કાર્બન કેપ્ચર અને ઉપયોગ તથા સંગ્રહ અને નીચા કાર્બન હાઈડ્રોજન ઉત્પાદનનો સમાવેશ થાય છે.

(5) અશ્મિભૂત ઈંધણથી આગળ ઊર્જા પ્રણાલીઓને વાજબી, વ્યવસ્થિત અને ન્યાયપૂર્ણ રીતે સંક્રમણ કરવા માટે આ દાયકામાં કાર્યવાહીને વેગ આપવો, જેથી વિજ્ઞાન અનુસાર વર્ષ 2050 સુધીમાં ચોખ્ખુ શૂન્ય ઉત્સર્જન લક્ષ્ય હાંસલ કરી શકાય.

(6) 2030 સુધીમાં વૈશ્વિક સ્તરે બિન-CO2 ઉત્સર્જન ખાસ કરીને મિથેન ઉત્સર્જનને વેગ આપવો અને ઘટાડવો.

(7) માળખાકીય વિકાસ અને શૂન્ય તથા ઓછા ઉત્સર્જનવાળા વાહનોની ઝડપી તૈનાતી સહિત બહુવિધ માર્ગો દ્વારા માર્ગ પરિવહનથી ઉત્સર્જન ઘટાડવામાં વેગ આપવો.

(8) બિનઅસરકારક અશ્મિભૂત ઈંધણ સબસિડીને તબક્કાવાર રીતે સમાપ્ત કરવી, જે નકામા વપરાશને પ્રોત્સાહિત કરે છે અને ઊર્જા અછત અથવા સંક્રમણને સંબોધતા નથી.

- પાંચમી પુનરાવૃત્તિ ગ્લાસગોમાં COP26 સાથે સાતત્ય જાળવી રાખે છે, ભારત જેવા વિવિધ ઊર્જાની જરૂરિયાતો ધરાવતા દેશોની વૈશ્વિક આકાંક્ષાઓને સંતુલિત કરે છે.
- COP28માં લગભગ 200 દેશો 'ઊર્જા પ્રણાલીઓમાં અશ્મિભૂત ઈંધણથી દૂર જવા' માટે સંમત થયા હતા.
- આ કરાર પ્રથમ વખત છે જ્યારે દેશોએ આ પ્રતિજ્ઞા લીધી છે.
- આ કરારનો ઉદ્દેશ્ય નીતિ નિર્માતાઓ અને રોકાણકારોને સંકેત આપવાનો છે કે વિશ્વ અશ્મિભૂત ઈંધણથી દૂર થવા માટે પ્રતિબદ્ધ છે.
- ભારત સહિત દેશો મિથેન ઉત્સર્જનમાં કાપ મૂકવાના કોઈપણ આદેશોનો ભારે વિરોધ કરે છે, કારણ કે તેનો મુખ્ય સ્ત્રોત કૃષિ અને પશુધન છે.
- મિથેન ઉત્સર્જન ઘટાડવામાં કૃષિ પેટર્નમાં ફેરફારનો સમાવેશ થઈ શકે છે જે ભારત જેવા દેશમાં અત્યંત સંવેદનશીલ હોઈ શકે છે.
- સંભવતઃ આવા દેશોની ચિંતાઓને ધ્યાનમાં રાખીને, કરાર વર્ષ 2030 માટે કોઈ મિથેન ઉત્સર્જન ઘટાડવાના લક્ષ્યને સ્પષ્ટ કરતું નથી.
- જોકે લગભગ 100 દેશોના સમૂહે 2030 સુધીમાં તેમના મિથેન ઉત્સર્જનમાં 30% ઘટાડો કરવા માટે 2021માં ગ્લાસગોમાં સ્વૈચ્છિક પ્રતિબદ્ધતા આપી હતી.
- આ પ્રતિજ્ઞા ગ્લોબલ મિથેન પ્લેજ તરીકે ઓળખાય છે. જોકે ભારત વૈશ્વિક મિથેન સંકલ્પનો ભાગ નથી.

## અનુકૂલન પર વૈશ્વિક લક્ષ્યો

ગ્લોબલ ગોલ ઓન એડેપ્ટેશન (GGA) પર પ્રારંભિક ડેટા રજૂ કરવામાં આવ્યો હતો.

- પેરિસ કરાર હેઠળ 1.5/2°C લક્ષ્યના સંદર્ભમાં દેશોની અનુકૂલન જરૂરિયાતોની જાગૃતિ અને ધિરાણ વધારીને આબોહવા પરિવર્તન અનુકૂલન સુધારવા માટે તેની સ્થાપના કરવામાં આવી હતી.

- ડ્રાફ્ટ ટેક્સ્ટ નીચે મુજબના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને સંબોધે છે :
  - (a) આબોહવા પ્રેરિત પાણીની સમસ્યાનો ઉકેલ
  - (b) આબોહવા–સંબંધિત આરોગ્ય અસરો સામે સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવી.
  - (c) આબોહવા–મૈત્રીપૂર્ણ ખોરાક અને કૃષિ ઉત્પાદન

## વૈશ્વિક નવીનીકરણીય અને ઊર્જા કાર્યક્ષમતા પ્રતિજ્ઞા

પ્રતિજ્ઞામાં જણાવ્યું છે કે હસ્તાક્ષરકર્તા 2030 સુધીમાં વિશ્વની સ્થાપિત નવીનીકરણીય ઊર્જા ઉત્પાદન ક્ષમતાને ઓછામાં ઓછા <u>11000 ગીગાવોટ</u> સુધી <u>ત્રણ ગણી કરવા</u> અને <u>2030 સુધીમાં</u> દર વર્ષે ઊર્જા કાર્યક્ષમતા સુધારણાના વૈશ્વિક સરેરાશ વાર્ષિક દરને લગભગ <u>2%થી વધારીને 4%</u> કરતા વધુ કરવા માટે પ્રતિબદ્ધ છે.

## ટ્રિપલ ન્યુક્લિયર એનર્જીની જાહેરાત

COP28માં શરૂ કરાયેલી ઘોષણાનો હેતુ <u>2050 સુધીમાં વૈશ્વિક પરમાણુ ઊર્જા ક્ષમતાને</u> ત્રણ ગણી કરવાનો છે.

- 22 રાષ્ટ્રીય સરકારો દ્વારા સમર્થન આપવામાં આવેલ આ ઘોષણા આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓના શેરધારકો પાસેથી સમર્થન માંગે છે.
- આ શેરધારકોને એનર્જી ક્રેડિટ પોલિસીમાં પરમાણુ ઊર્જાના સમાવેશને સમર્થન આપવા પ્રોત્સાહિત કરે છે.

## કોલસા સંક્રમણ પ્રવેગક

<u>ફ્રાન્સે</u> વિવિધ દેશો અને સંસ્થાઓના સહયોગથી <u>કોલ ટ્રાન્ઝિશન એક્સિલરેટર</u> લોન્ચ કર્યુ હતું.

- કોલસામાંથી સ્વચ્છ ઊર્જા તરફના સંક્રમણને સરળ બનાવવા માટેના હેતુઓમાં જ્ઞાનની વહેંચણી, નીતિની રચના અને નાણાકીય સહાયનો સમાવેશ થાય છે.

## ક્લાઈમેટ એક્શન માટે ઉચ્ચ મહત્ત્વાકાંક્ષા બહુસ્તરીય ભાગીદારી ગઠબંધન (CHAMP)

<u>કુલ 65 રાષ્ટ્રીય સરકારો</u>એ આબોહવા વ્યૂહરચનાઓના આયોજન, ધિરાણ, અમલીકરણ અને દેખરેખમાં ઉપરાષ્ટ્રીય સરકારો સાથે સહકાર વધારવા માટે <u>CHAMP પ્રતિબદ્ધતા</u> પર હસ્તાક્ષર કર્યા હતા.

## ગ્લોબલ રિવર સિટીઝ એલાયન્સ (GRCA)

તે COP28 ખાતે ભારત સરકારના જળ શક્તિ મંત્રાલય હેઠળના <u>રાષ્ટ્રીય મિશન ફોર ક્લીન ગંગા (NMCG)</u>ના નેતૃત્વ હેઠળ શરૂ કરવામાં આવ્યું હતું.

- GRCA એ વિશ્વના <u>11 દેશોમાં</u> 275 + નદી – શહેરોને આવરી લેતું અનન્ય જોડાણ છે.
- ભાગીદાર દેશોમાં ઈજિપ્ત, નેધરલેન્ડ, ડેનમાર્ક, ઘાના, ઓસ્ટ્રેલિયા, ભૂટાન, કંબોડિયા, જાપાન અને નેધરલેન્ડનું હેગ (ડેન હાગ), ઓસ્ટ્રેલિયાનું એડિલેડ અને હંગેરીનું નદી શહેર સ્ઝોલનોકનો સમાવેશ થાય છે.
- તે ટકાઉ નદી–કેન્દ્રિત વિકાસ અને આબોહવા સ્થિતિસ્થાપકતામાં ભારતની ભૂમિકાને પ્રકાશિત કરે છે.

**નોંધ : GRCA પ્લેટફોર્મ જ્ઞાનની આપલે, નદી શહેર જોડાણો અને શ્રેષ્ઠ પ્રથાઓના પ્રસારની સુવિધા આપશે.**

## LeadIT 2.0

COP28 સમિટ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમાવિષ્ટ અને સમાન ઉદ્યોગ પરિવર્તન પર ભાર મૂકતા <u>LeadIT 2.0</u>નું અનાવરણ કર્યું હતું.

- આ પહેલ <u>ઉભરતી અર્થવ્યવસ્થાઓને નાણાકીય સહાય</u> પૂરી પાડવાની સાથે ઓછા કાર્બન ટેક્નોલોજીના સહ–વિકાસ અને ટ્રાન્સફરને પ્રાથમિકતા આપે છે.

## COP

<u>કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ (COP)</u> એ સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા છે જે <u>યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ</u> (UNFCCC)ના અમલીકરણની દેખરેખ અને સમીક્ષા માટે જવાબદાર છે.




- COP અધ્યક્ષ પદ સંયુક્ત રાષ્ટ્રના 5 પ્રદેશો–આફ્રિકા, એશિયા, લેટિન અમેરિકા અને કેરેબિયન, મધ્ય અને પૂર્વીય યુરોપ અને પશ્ચિમ યુરોપ તથા અન્ય વચ્ચે ફરે છે.
- COP ની પ્રથમ બેઠક <u>વર્ષ 1995માં</u> યોજાઈ હતી. આ બેઠક <u>જર્મની</u>ના <u>બર્લિન</u> ખાતે યોજાઈ હતી.
- COP બેઠક દર વર્ષે મળે છે.

# Climate Change Performance Index (CCPI) 2024

તાજેતરમાં COP28 દરમિયાન '<u>ક્લાયમેટ ચેન્જ પર્ફોમન્સ ઈન્ડેક્સ (CCPI) 2024</u>' પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

- આ ઈન્ડેક્સમાં <u>ભારત 7માં ક્રમે</u> હતું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot



- આ અગાઉના ઈન્ડેક્સમાં એટલે કે ગયા વર્ષે ભારત 8માં ક્રમે હતું.
- આ ઈન્ડેક્સમાં 'અત્યંત ઉચ્ચ' પ્રદર્શન શ્રેણીમાં એકપણ દેશને સ્થાન નથી મળ્યું.
- કોઈપણ દેશે એકંદર ઉચ્ચ રેટિંગ હાંસલ કરવા માટે પૂરતું સારું પ્રદર્શન કર્યુ નથી.
- આ ઈન્ડેક્સમાં ચોથા ક્રમે ડેનમાર્ક છે. ડેનમાર્કે 75.59%ના નોંધપાત્ર સ્કોર સાથે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે, જે આબોહવાની ક્રિયા પ્રત્યે તેની સતત પ્રતિબદ્ધતા દર્શાવે છે.
- ત્યારબાદ એસ્ટોનિયા અને ફિલિપાઈન્સ આવે છે.
- ભારતનો આ ઈન્ડેક્સમાં 70.25નો સ્કોર છે.

**CCPI Ranking 2024**

| Rank | Country | Rank | Country |
|---|---|---|---|
| 1 | – | 5 | એસ્ટોનિયા |
| 2 | – | 6 | ફિલિપાઈન્સ |
| 3 | – | 7 | ભારત |
| 4 | ડેનમાર્ક | 8 | નેધરલેન્ડ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) ક્લાઈમેટ ચેન્જ પર્ફોમન્સ ઈન્ડેક્સ (CCPI) એ એક વાર્ષિક અહેવાલ છે. જે લગભગ 2005થી જર્મનવોચ, ન્યૂ ક્લાઈમેટ ઈન્સ્ટિટ્યૂટ અને ક્લાઈમેટ એક્શન નેટવર્ક દ્વારા તૈયાર કરવામાં આવે છે.

(2) તેનો ઉદ્દેશ આંતરરાષ્ટ્રીય આબોહવા રાજકરણમાં પારદર્શિતા વધારવાનો છે અને અલગ–અલગ દેશો દ્વારા કરવામાં આવેલ આબોહવા સંરક્ષણ પ્રયાસો અને પ્રગતિની તુલનાને સક્ષમ કરે છે.

## કચ્છના બન્ની ઘાસના મેદાનોમાં ચિત્તાઓ માટેનું સંવર્ધન કેન્દ્ર

કેન્દ્ર સરકારે ગુજરાતના કચ્છ જિલ્લામાં બન્ની ઘાસના મેદાનોમાં ચિત્તાઓ માટે સંવર્ધન કેન્દ્ર સ્થાપવાની મંજૂરી આપી છે.

- ગુજરાત સરકારે નેશનલ કેમ્પા (CAMPA) હેઠળ નેશનલ કમ્પેનસરી અફોરિસ્ટેશન ફંડ મેનેજમેન્ટ ઓથોરિટીને આ સંવર્ધન કેન્દ્ર સ્થાપવા માટે દરખાસ્ત મોકલી હતી.
- ત્યારબાદ નેશનલ કેમ્પાની એક્ઝિક્યુટિવ કમિટીએ બન્ની ઘાસના મેદાનોમાં ચિત્તા સંવર્ધન કેન્દ્ર સ્થાપવા માટે મંજૂરી આપી હતી.

- ભૂતકાળમાં બન્ની ઘાસના મેદાનો ચિત્તાઓ માટેનું ઉત્તમ અને અનુકૂળ રહેઠાણ હતું, કાળક્રમે ચિત્તા લુપ્ત થયા હતા.
- આ ઉપરાંત <u>વન્યપ્રાણી નિષ્ણાતો</u>એ જણાવ્યું હતું કે <u>1921 સુધી</u> <u>સૌરાષ્ટ્ર અને દાહોદ</u>માં ચિત્તાના શિકારના રેકોર્ડ હતા.
- તેમણે ઉમેર્યુ હતું કે કેટલાક રેફરન્સ જર્નલમાં 1940ના દાયકાની શરૂઆત સુધી ગુજરાતમાં ચિત્તા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

નોંધ : (1) કચ્છના બન્ની વિસ્તારમાં થતું ખૂબ ઊંચું બન્ની ઘાસ જાણીતું છે.

(2) બન્ની વિસ્તારમાં આવેલ ગોળાકાર અને ઘાસના છાપરાવાળા મકાનોને <u>ભૂંગા</u> કહે છે. અને ભૂંગાના સમૂહને '<u>વાંઢ</u>' કહે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં 'વર્લ્ડ એથ્લેટ ઓફ ધ યર-2023' એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) શ્રી નોહ લાયન્સ (B) સુશ્રી ફેથ કિપ્યેગોન

(C) (A) અને (B) બંનેને (D) એકપણ નહી

(C)

2. તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાયમેટ ચેન્જ (UNFCCC)ના પક્ષકારોની 28મી કોન્ફરન્સ (COP28) કયાં યોજાઈ હતી ?

(A) ટોક્યો, જાપાન (B) દુબઈ, યુ.એ.ઈ.

(C) ન્યુયોર્ક, યુએસએ (D) બેઈજિંગ, ચીન

(B)

3. દુબઈ ખાતે આયોજિત COP28 દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા વર્ષે COP33 ભારતમાં યોજવા અંગેનો પ્રસ્તાવ મૂક્યો હતો ?

(A) 2028 (B) 2033 (C) 2034 (D) 2036

(A)

4. તાજેતરમાં COP28 દરમિયાન 'Climate Change Performance Index (CCPI) 2024' બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં ભારત કયા ક્રમે છે ?

(A) 7માં (B) 8માં (C) 9માં (D) 10માં

(A)

5. તાજેતરમાં કેન્દ્ર સરકારે ગુજરાતના કયા ક્ષેત્રમાં ચિત્તાઓ માટેના સંવર્ધન કેન્દ્ર સ્થાપવાની મંજૂરી આપી છે ?

(A) રાજપીપળાની ટેકરીઓ, નર્મદા (B) ગીરનું જંગલ, ગીર સોમનાથ, જૂનાગઢ

(C) દક્ષિણ ગુજરાતના મેદાનો, ડાંગ–વલસાડ (D) બન્ની ઘાસના મેદાનો, કચ્છ

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 ડિસેમ્બર, (1) રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન (National Energy Conservation Day)
## (3) વિશ્વ વાનર દિવસ (World Monkey Day)

### રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન

'રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ' દર વર્ષે 14 ડિસેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.



- આ દિવસ ઊર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણના મહત્વ વિશે લોકોમાં જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે ઊર્જા મંત્રાલય હેઠળ ઉજવવામાં આવે છે.
- વર્ષ 1991થી કેન્દ્રીય ઊર્જા મંત્રાલય હેઠળના બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી દ્વારા આ દિવસનું આયોજન કરવામાં આવે છે.
- આ દિવસના અવસરે ઊર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણ ક્ષેત્રે ભારતની સિદ્ધિઓ પ્રદર્શિત થાય છે.
- આ દિવસે ઊર્જા કાર્યક્ષમતા અને સંરક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ઉદ્યોગો, સંસ્થાઓ, થર્મલ પાવરસ્ટેશન, ઝોનલ રેલવે સ્ટેશન, નગરપાલિકા, વીજ વિતરણ કંપનીઓ, હોટલ, હોસ્પિટલો વગેરેને પુરસ્કાર આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પાંચ રાજ્યોમાં મુખ્યમંત્રીશ્રીના શપથ

ભારતમાં તાજેતરમાં પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું.

- આ પાંચ રાજ્યોમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમનો સમાવેશ થાય છે.
- આ પાંચ રાજ્યોમાં રચાયેલી નવી સરકારની માહિતી નીચે પ્રમાણે છે :

### મધ્યપ્રદેશ



મધ્યપ્રદેશમાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (BJP)નો બહુમતી સાથે વિજય થયો છે.

- મધ્યપ્રદેશ વિધાનસભાની કુલ 230 બેઠકોમાંથી ભારતીય જનતા પાર્ટીનો 163 બેઠકો પર વિજય થયો હતો.
- જ્યારે કોંગ્રેસનો 66 બેઠકો પર વિજય થયો હતો અને અન્ય પક્ષને 1 બેઠક મળી હતી.

- ભારતીય જનતા પાર્ટીના નેતા શ્રી મોહન યાદવે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.
- મધ્યપ્રદેશના રાજ્યપાલ શ્રી મંગુભાઈ પટેલએ શ્રી મોહન યાદવને મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા હતા.
- આ ઉપરાંત શ્રી રાજેન્દ્ર શુક્લા અને શ્રી જગદીશ દેવડાએ ઉપમુખ્યમંત્રી તરીકેના શપથ લીધા છે.
- નોંધનીય છે કે આ અગાઉ શ્રી મોહન યાદવે મધ્યપ્રદેશ સરકારમાં શિક્ષણ મંત્રી તરીકે સેવા આપી હતી.

## રાજસ્થાન



તાજેતરમાં રાજસ્થાનમાં કુલ 200 વિધાનસભાની બેઠકોમાંથી 199 બેઠકો પર ચૂંટણીનું આયોજન થયું હતું.

- જેમાં ભારતીય જનતા પાર્ટીનો 115 બેઠકો પર વિજય થયો હતો.
- જ્યારે કોંગ્રેસનો 69 બેઠકો અને અન્યનો 15 બેઠકો પર વિજય થયો હતો.
- આ ચૂંટણીમાં પ્રથમ વખત ચૂંટાયેલા ભાજપના નેતા શ્રી ભજનલાલ શર્મા રાજસ્થાનના નવા મુખ્યમંત્રી બન્યા છે.
- રાજસ્થાનના રાજ્યપાલ શ્રી કલરાજ મિશ્રાએ શ્રી ભજનલાલ શર્માને મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા હતા.
- જ્યારે સુશ્રી દિયા કુમારી અને શ્રી પ્રેમચંદ બૈરવાને નાયબ મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા હતા.

**નોંધ :** રાજસ્થાનની શ્રીકરપુર વિધાનસભા બેઠક પર ચૂંટણી સ્થગિત કરવામાં આવી હતી કારણ કે ત્યાંના કોંગ્રેસના ઉમેદવાર શ્રી ગુરમીત સિંહનું ચૂંટણી પહેલા નિધન થયું હતું.

## છત્તીસગઢ



તાજેતરમાં છત્તીસગઢમાં 90 બેઠકો પર વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું.

- જેમાં ભારતીય જનતા પાર્ટીનો 54 બેઠકો પર વિજય થયો હતો.
- જ્યારે કોંગ્રેસનો 35 બેઠકો પર વિજય થયો હતો તથા અન્યને 1 બેઠક મળી હતી.
- જેમાં ભારતીય જનતા પાર્ટીના નેતા શ્રી વિષ્ણુ દેવ સાય છત્તીસગઢના નવા મુખ્યમંત્રી બન્યા છે.
- છત્તીસગઢના રાજ્યપાલ શ્રી બિશ્વભૂસણ હરિચંદનએ શ્રી વિષ્ણુ દેવ સાયને છત્તીસગઢના નવા મુખ્યમંત્રી તરીકે શપથ અપાવ્યા છે.
- જ્યારે શ્રી વિજય શર્મા અને શ્રી અરૂણ સાવએ નાયબ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## તેલંગાણા



તાજેતરમાં તેલંગાણામાં 119 બેઠકો પર વિધાનસભાની ચૂંટણીનું આયોજન થયું હતું.

- જેમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC)નો 64 બેઠક પર વિજય થયો હતો.
- જ્યારે BRS 39, ભાજપ 8, AIMM 7 અને CPIનો 1 બેઠક પર વિજય થયો હતો.
- કોંગ્રેસના નેતા શ્રી રેવંત રેડ્ડી તેલંગાણાના નવા મુખ્યમંત્રી બન્યા છે.
- તેલંગાણાના રાજ્યપાલ શ્રી તમિલિસાઈ સૌંદરરાજનએ શ્રી રેવંત રેડ્ડીને મુખ્યમંત્રી તરીકેના શપથ અપાવ્યા હતા.
- જ્યારે શ્રી ભટ્ટી વિક્રમાર્ક મલ્લુએ નાયબ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા.

## મિઝોરમ



તાજેતરમાં મિઝોરમની 40 બેઠકો પર વિધાનસભા ચૂંટણીનું આયોજન થયું હતું.

- જેમાં ઝોરમ પીપલ્સ મૂવમેન્ટ (ZPM)નો 27 બેઠક પર વિજય થયો હતો.
- જ્યારે MNFનો 10 બેઠક, BJP 2 બેઠક અને કોંગ્રેસનો 1 બેઠક પર વિજય થયો હતો.
- જેમાં ZPM પાર્ટીના નેતા શ્રી લાલદુહોમા મિઝોરમના નવા મુખ્યમંત્રી બન્યા છે.
- મિઝોરમના રાજ્યપાલ શ્રી કંભમપતિ હરિ બાબુએ શ્રી લાલદુહોમાને મિઝોરમના મુખ્યમંત્રી તરીકે શપથ અપાવ્યા હતા.

## પાંચ રાજ્યોમાં નવા મુખ્યમંત્રી

| ક્રમ | રાજ્ય | નવા મુખ્યમંત્રી | પક્ષ | રાજ્યની કુલ વિધાનસભા બેઠકો |
|---|---|---|---|---|
| 1 | મધ્યપ્રદેશ | શ્રી મોહન યાદવ | ભાજપ | 230 |
| 2 | રાજસ્થાન | શ્રી ભજનલાલ શર્મા | ભાજપ | 200 (199 પર ચૂંટણી) |
| 3 | છત્તીસગઢ | શ્રી વિષ્ણુદેવ સાય | ભાજપ | 90 |
| 4 | તેલંગાણા | શ્રી રેવંત રેડ્ડી | કોંગ્રેસ | 119 |
| 5 | મિઝોરમ | શ્રી લાલદુહોમા | ZPM | 40 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# વિધાનસભા અને મુખ્યમંત્રી વિશે બંધારણીય જોગવાઈ

## વિધાનસભા

વિધાનસભા એ રાજ્યનું નીચલું ગૃહ તરીકે ઓળખાય છે.

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 170માં વિધાનસભાની જોગવાઈ કરવામાં આવી છે.
- બંધારણના અનુચ્છેદ– 170માં જોગવાઈ કરવામાં આવી છે. કે કોઈપણ રાજ્યની વિધાનસભાની સભ્ય સંખ્યા (બેઠકો) મહત્તમ 500 અને ઓછામાં ઓછી 60 રહેશે.
- પરંતુ અમુક રાજ્યોને છૂટ આપવામાં આવી છે કે જેમાં વિધાનસભાની સભ્ય સંખ્યા 60 કરતા ઓછી છે. આવા રાજ્યો નીચે મુજબ છે.

  (1) સિક્કિમ– 32 બેઠકો, (2) મિઝોરમ– 40 બેઠકો, (3) ગોવા– 40 બેઠકો.
- 28 રાજ્યો ઉપરાંત 3 કેન્દ્રશાસિત પ્રદેશમાં પણ વિધાનસભાની વ્યવસ્થા છે. જેમા દિલ્હી, પુડુચેરી અને જમ્મુ કશ્મીરનો સમાવેશ થાય છે. (જમ્મુ–કાશ્મિરને વર્ષ 2019માં કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો હતો. હાલમાં જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા કાર્યરત નથી પરંતુ ટૂંક સમયમાં ત્યાં વિધાનસભા કાર્યરત થવાની સંભાવના છે. આથી હાલમાં દિલ્હી અને પુડુચેરી કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા કાર્યરત છે).

## વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત

બંધારણના અનુચ્છેદ– 173 મુજબ વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત નીચે મુજબ છે :

**વિધાનસભાના સભ્ય બનવા માટેની લાયકાત**

- તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.
- તે વ્યક્તિ જે તે રાજ્યના વતની હોવા જોઈએ એટલે કે સંબંધિત રાજ્યના કોઈપણ મત ક્ષેત્રની મતદર યાદીમાં નામ હોવું જોઈએ.
- વ્યક્તિની ઉંમર 25 વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ.
- કેન્દ્ર અથવા રાજ્ય સરકાર અંતર્ગતની કોઈ સેવાઓમાં લાભનું પદ ધરાવતા ન હોવા જોઈએ.

## વિધાનસભાના સભ્યના શપથ

- ભારતીય બંધારણના અનુચ્છેદ– 188 મુજબ વિધાનસભાના પ્રત્યેક સભ્યએ રાજ્યપાલ અથવા રાજ્યપાલ દ્વારા નિયુક્ત કોઈ વ્યક્તિ સમક્ષ બંધારણની અનુસૂચિ– 3 ના નમૂના મુજબ શપથ લેવાના હોય છે.

## મુખ્યમંત્રીની નિમણૂક

ભારતીય બંધારણના અનુચ્છેદ– 164 (1) મુજબ મુખ્યમંત્રીની નિમણૂક સંબંધિત રાજ્યોના રાજ્યપાલ કરશે.

- મુખ્યમંત્રીની નિમણૂક રાજ્યપાલ કરે છે. જેનો અર્થ એ નથી કે રાજ્યપાલ કોઈપણ વ્યક્તિને મુખ્યમંત્રી બનાવી શકે.
- પરંતુ વિધાનસભાની સામાન્ય ચૂંટણી બાદ રાજ્યપાલ બહુમતી ધરાવતા પક્ષને સરકાર બનાવવા આમંત્રણ આપે છે. અને આ બહુમતી ધરાવતા પક્ષના નેતાની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- બીજી એ પણ શક્યતા છે જો કોઈ પક્ષને વિધાનસભામાં સ્પષ્ટ બહુમતી ન મળે તો જોડાણ (ગઠબંધન) દ્વારા બનેલા પક્ષોમાંથી સૌથી મોટા પક્ષને રાજ્યપાલ સરકાર બનાવવા આમંત્રિત કરે છે. અને ગઠબંધનના પક્ષો દ્વારા નક્કી કરેલ વ્યક્તિની મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.
- આ ઉપરાંત બંધારણના <u>અનુચ્છેદ– 164 (4)</u>માં જોગવાઈ કરવામાં આવી છે કે જો કોઈ વ્યક્તિ વિધાનમંડળના કોઈપણ ગૃહના (વિધાનસભા કે વિધાનપરિષદ) સભ્ય ન હોય પરંતુ ગૃહનો સભ્ય બનવાની લાયકાત ધરાવતા હોય તો તેને મુખ્યમંત્રી બનાવી શકાય છે.
- પરંતુ આવી વ્યક્તિએ વધુમાં વધુ 6 મહિનામાં કોઈપણ ગૃહનું સભ્યપદ મેળવવું અનિવાર્ય છે અન્યથા 6 મહિના બાદ તે મુખ્યમંત્રી પદ પર રહી શકશે નહીં.


## મુખ્યમંત્રીના શપથ

- ભારતીય બંધારણના <u>અનુચ્છેદ– 164(3)</u> મુજબ મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓ રાજ્યના રાજ્યપાલ સમક્ષ બંધારણની <u>અનુસૂચિ 3</u> મુજબ હોદ્દાના શપથ ગ્રહણ કરવાના હોય છે.

## મુખ્યમંત્રીનો કાર્યકાળ

મુખ્યમંત્રીનો કાર્યકાળ નિશ્ચિત હોતો નથી. જ્યાં સુધી વિધાનસભામાં બહુમતી હોય ત્યાં સુધી મુખ્યમંત્રી પોતાના પદ પર રહે છે.

- પરંતુ વિધાનસભામાં બહુમતિ પ્રાપ્ત ન થાય તો રાજીનામું આપવું પડે છે. જો મુખ્યમંત્રી રાજીનામું આપવા તૈયાર ન થાય તો રાજ્યપાલ તેમને પદ પરથી બરખાસ્ત કરે છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્ય મંત્રીપરિષદ વિશે બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના અનુચ્છેદ 163 (1)માં જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્યપાલની મદદ માટે મંત્રીપરિષદ રહેશે.

- જ્યારે બંધારણના અનુચ્છેદ 164 (1)માં એવી જોગવાઈ કરવામા આવી છે કે રાજ્યપાલ મુખ્યમંત્રીની સલાહથી મંત્રીઓની નિમણૂક કરશે.
- રાજ્યની મંત્રીપરિષદમાં કેન્દ્રીય મંત્રીપરિષદ જેવી જ વ્યવસ્થા હોય છે અને મંત્રીઓને કેબિનેટ મંત્રી, રાજ્યમંત્રી તેમજ ઉપમંત્રી અંતર્ગત વર્ગીકૃત કરવામાં આવે છે.

### મંત્રી બનવાની લાયકાત

- મંત્રીપદ માટે કોઈ વિશેષ જોગવાઈઓ નથી પરંતુ અનુચ્છેદ– 164 (4)માં દર્શાવવામાં આવ્યું છે તે મુજબ :

(a) વ્યક્તિ વિધાનમંડળના કોઈપણ એક ગૃહ વિધાનસભા કે વિધાન પરિષદનો સભ્ય હોવો જોઈએ.

(b) જો કોઈ વ્યક્તિ વિધાનમંડળના કોઈ ગૃહનો સભ્ય ન હોય તો તે વધુમાં વધુ 6 મહિના સુધી મંત્રી પદ પર રહી શકે છે જેનો અર્થ એ નથી કે કોઈ વ્યક્તિ 6-6 મહિના એમ કરીને ગૃહનો સભ્ય ન બને ત્યાં સુધી પ્રયત્ન કરી શકે આથી અહીં વધુમાં 6 વધુ મહિના શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

### શપથ

- મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળતા પહેલા તેમણે બંધારણની અનુસૂચિ 3માં આપેલા નમૂના અનુસાર રાજ્યના રાજ્યપાલ સમક્ષ હોદ્દાના અને ગુપ્તાના શપથ લેવાના હોય છે.

### મંત્રીમંડળમાં મંત્રીઓની સંખ્યા

- બંધારણ સભા દ્વારા મૂળ બંધારણમાં મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા અંગે કોઈ ખાસ જોગવાઈ કરવામાં આવી નહોતી. પરંતુ બાદમાં 91માં 'બંધારણીય સુધારા અધિનિયમ, 2003' દ્વારા બંધારણના અનુચ્છેદ 164 (1) (a) અંતર્ગત જોગવાઈ કરવામાં આવી કે મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓની કુલ સંખ્યા વિધાનસભાના સભ્યોની કુલ સંખ્યાના 15% થી વધારે ન હોવી જોઈએ અને મુખ્યમંત્રી સહિત મંત્રીઓની સંખ્યા 12 થી ઓછી ન હોવી જોઈએ.

નોંધ : રાજ્ય વિધાનમંડળના દરેક મંત્રી વ્યક્તિગત રીતે રાજ્યપાલને જવાબદાર છે તથા સામૂહિક રીતે વિધાનસભાને જવાબદાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં 'રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 11 ડિસેમ્બર (B) 12 ડિસેમ્બર (C) 13 ડિસેમ્બર (D) 14 ડિસેમ્બર
**(D)**

2. 'વિશ્વ વાનર દિવસ' અથવા 'World Monkey Day' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 11 ડિસેમ્બર (B) 12 ડિસેમ્બર (C) 13 ડિસેમ્બર (D) 14 ડિસેમ્બર
**(D)**

3. તાજેતરમાં મધ્યપ્રદેશના નવા મુખ્યમંત્રી કોણ બન્યું છે ?
(A) શ્રી મોહન યાદવ (B) શ્રી ભજનલાલ શર્મા
(C) શ્રી વિષ્ણુદેવ સાય (D) શ્રી જગદીશ દેવડા
**(A)**

4. તાજેતરમાં શ્રી લાલદુહોમા કયા રાજ્યના મુખ્યમંત્રી બન્યા છે ?
(A) ત્રિપુરા (B) મણિપુર (C) મિઝોરમ (D) નાગાલેન્ડ
**(C)**

5. રાજ્ય અને નવા મુખ્યમંત્રીશ્રીની નીચેની જોડીમાંથી કઈ જોડી સાચી નથી ?
(A) મધ્યપ્રદેશ–શ્રી શિવરાજસિંહ ચૌહાણ (B) રાજસ્થાન–શ્રી ભજનલાલ શર્મા
(C) છત્તીસગઢ–શ્રી વિષ્ણુદેવ સાય (D) તેલંગાણા–શ્રી રેવંત રેડ્ડી
**(A)**

6. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં મુખ્યમંત્રીની નિમણૂક સંબંધિત જોગવાઈ કરવામાં આવી છે ?
(A) અનુચ્છેદ 152(1) (B) અનુચ્છેદ 252(1)
(C) અનુચ્છેદ 164(1) (D) અનુચ્છેદ 264(1)
**(C)**

7. રાજ્યના મુખ્યમંત્રીએ કોની સમક્ષ શપથ લેવાના હોય છે ?
(A) રાજ્યપાલ સમક્ષ (B) સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધિશ સમક્ષ
(C) ઉપરાષ્ટ્રપતિ સમક્ષ (D) વિધાનસભાના અધ્યક્ષ સમક્ષ
**(A)**

8. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં વિધાનસભાની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) અનુચ્છેદ - 160 (B) અનુચ્છેદ - 163 (C) અનુચ્છેદ - 170 (D) અનુચ્છેદ - 181
**(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 15 ડિસેમ્બર, સરદાર વલ્લભભાઈ પટેલ પુણ્યતિથિ દિન

## મેઘાલયની લાકાડોંગ હળદરને GI ટેગ

તાજેતરમાં મેઘાલયની લાકાડોંગ હળદરને GI ટેગ આપવામાં આવ્યો છે.



- લાકાડોંગ હળદરમાં 7 થી 12% સુધીના કર્ક્યુમિનનું પ્રમાણ છે, જે નિયમિત હળદરમાં જોવા મળતા 2 થી 3% કરતા નોંધપાત્ર વધારે છે.
- એલિવેટેડ કર્ક્યુમિનનું સ્તર આરોગ્ય–સહાયક ગુણધર્મોને વધારવામાં ફાળો આપે છે, કારણ કે કર્ક્યુમિન તેની બળતરા વિરોધી અને એન્ટી ઓક્સિડન્ટ અસરો માટે જાણીતું છે.
- વૈશ્વિક સ્તરે તેને હળદરની શ્રેષ્ઠ જાતોમાંની એક ગણવામાં આવે છે.
- જૈન્તિયા હિલ્સના લકડોંગ વિસ્તારમાં ઓર્ગેનિક રીતે ઉગાડવામાં આવે છે, આ હળદર તેના ઘેરા રંગ માટે જાણીતી છે.

## INS તારમુગલી (INS Tarmugli)

ભારતીય નૌકાદળે તાજેતરમાં એક ફાસ્ટ એટેક ક્રાફ્ટ (FAC)ને દરિયાઈ મુત્સદ્દીગીરી અને શક્તિ પ્રદર્શનમાં 'INS તારમુગલી' (INS Tarmugli)ને કાર્યરત કર્યું છે.



- આ જહાજને ભારતીય નૌકાદળમાં 2006 સુધી સક્રિય સેવામાં INS Tillanchang, ટ્રિંકેટ ક્લાસ ફ્રિગેટ તરીકે સામેલ કરવામાં આવ્યું હતું.
- અને ત્યારબાદ હિંદ મહાસાગર પ્રદેશ (IOR)માં રાજદ્વારી આઉટરીચના ભાગરૂપે વર્ષ 2006માં ભારતની માલદીવ નેશનલ ડિફેન્સ ફોર્સ (MNDF)ને ભેટ આપી હતી.
- આ જહાજ મે 2023માં ભારતીય નૌકાદળને પરત કરવામાં આવ્યું હતું.
- આ જહાજ MTU એન્જિન, નવીનતમ સંદેશાવ્યવહાર સાધનો અને અદ્યતન રડાર સિસ્ટમથી સજ્જ છે અને ભારતના પૂર્વ કિનારે દરિયાકાંઠાની દેખરેખ અને સુરક્ષા માટે વ્યાપકપણે ઉપયોગમાં લેવાશે.
- આ જહાજનું નામ તારમુગલી દ્વીપ પરથી રાખવામાં આવ્યું છે, જે આંદામાન સમૂહનો એક નાનો ટાપુ છે.

## INS સંધ્યાક (INS SANDHYAK)

ધ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ (GRSE) લિમિટેડ દેશની સંરક્ષણ અને દરિયાઈ શક્તિને ઉત્તેજન આપતા ભારતનું અત્યાર સુધીનું સૌથી મોટું સર્વેક્ષણ જહાજ 'INS સંધ્યાક' ભારતીય નૌકાદળને પહોંચાડ્યું હતું.

- આ જહાજ GRSE દ્વારા વિકસિત ચાર સર્વે વેસેલ્સ (મોટા) (SVL)ની શ્રેણીમાં પ્રથમ છે.
- INS સંધ્યાક 5 ડિસેમ્બર, 2021ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ વ્યાપક ફિટિંગ અને ટ્રાયલ કરવામાં આવ્યા હતા.



- તે લગભગ 3400 ટનનું વિસ્થાપન અને 110 મીટરની એકંદર લંબાઈ ધરાવે છે.
- આ SVL અદ્યતન સુવિધાઓથી સજ્જ છે, જે વ્યાપક દરિયાકાંઠાના અને હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણને સક્ષમ કરે છે.
- તે ખાસ કરીને પોર્ટ અને હાર્બર અભિગમોનું સર્વેક્ષણ કરવામાં, નેવિગેશન ચેનલોને ચાર્ટ કરવા અને સંરક્ષણ એપ્લિકેશનો માટે નિર્ણાયક દરિયાઈ ડેટા એકત્રિત કરવામાં શ્રેષ્ઠ છે.
- દરેક SVL હેલિકોપ્ટરને સમાવવા માટે સજ્જ છે, તે વિવિધ કામગીરીની સુવિધા આપે છે.

**નોંધ :** (1) આ નવું જહાજ અગાઉના INS સંધ્યાકનું પુરોગામી છે. જેણે 1981 થી 2021 સુધી ભારતીય નૌકાદળમાં સેવા આપી હતી.

(2) GRSEના ચાર જહાજોમાં INS સંધ્યાક, INS નિર્દેશક, INS ઈક્ષક અને INS સંશોધકનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## VINBAX-23 : ભારત-વિયેતનામ સંયુક્ત લશ્કરી કવાયત

ભારતીય સશસ્ત્રો દળોની ટુકડી સંયુક્ત લશ્કરી કવાયત VINBAX-23ની ચોથી આવૃત્તિ માટે વિયેતનામના હનોઈ ખાતે પહોંચી છે.



- VINBAX એ ભારત અને વિયેતનામ વચ્ચેની સંયુક્ત લશ્કરી કવાયત છે, જે વર્ષ 2018થી બંને દેશ વચ્ચે વૈકલ્પિક રીતે હાથ ધરવામાં આવે છે.
- VINBAX 2023 11 ડિસેમ્બર થી 21 ડિસેમ્બર 2023 સુધી યોજાશે.
- આ કવાયતમાં ભારતીય ટુકડીમાં બંગાળ એન્જિનિયર ગ્રુપની એન્જિનિયર રેજિમેન્ટના 39 કર્મચારીઓ અને આર્મી મેડિકલ કોર્પ્સના છ કર્મચારીઓનો સમાવેશ થાય છે.
- વિયેતનામ પીપલ્સ આર્મી ટુકડીનું પ્રતિનિધિત્વ 45 કર્મચારીઓએ કર્યું હતું.
- આ કવાયતનો ઉદ્દેશ્ય સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર ઓન પીસ કીપિંગ ઓપરેશન્સના પ્રકરણ VII હેઠળ સહયોગી ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો, આંતર સંચાલન ક્ષમતાને પ્રોત્સાહન આપવાનો અને બંને પક્ષો વચ્ચે શ્રેષ્ઠ પ્રથાઓ શેર કરવાનો છે.

- આ કવાયત કમાન્ડ પોસ્ટ એક્સરસાઈઝ કમ ફિલ્ડ ટ્રેનિંગ એક્સરસાઈઝ તરીકે હાથ ધરવામાં આવશે. જેમાં એન્જિનિયર કંપની અને મેડિકલ ટીમની તૈનાતી તથા રોજગાર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- આ સંયુક્ત કવાયત વિચારોના આદાન–પ્રદાનને પ્રોત્સાહિત કરશે અને બંને ટુકડીઓ સંયુક્ત રીતે રણનીતિ, ટેકનિક અને કાર્યવાહીનું રિહર્સલ કરશે.

**નોંધ :** **VINBAX કવાયતની સ્થાપના વર્ષ 2018માં કરવામાં આવી હતી અને પ્રથમ આવૃત્તિ મધ્યપ્રદેશના જબલપુર ખાતે યોજાઈ હતી.**

## GPAI સમિટ 2023 અને YUVAi

ગ્લોબલ પાર્ટનરશીપ ઓન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (GPAI) 2023 સમિટ તાજેતરમાં 12 થી 14 ડિસેમ્બર 2023 દરમિયાન ભારતમાં નવી દિલ્હી ખાતે યોજાઈ હતી.




- આ સમિટનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.
- ભારત વર્ષ 2024 માટે GPAI સમિટનું અધ્યક્ષ છે.
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રીય AI પોર્ટલની ચર્ચા કરી હતી, અને AIRAWAT પહેલને પ્રકાશિત કરી અને ઊંડા નકલી તકનીકીના સંભવિત દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.
- આ ઉપરાંત YUVAiને આ સમિટમાં મુખ્ય રીતે દર્શાવવામાં આવ્યું હતું.
- વડાપ્રધાનશ્રીએ ડિજિટલ સમાવેશને વધારવા માટે સ્થાનિક ભાષાઓમાં ડિજિટલ સેવાઓ ઉપલબ્ધ કરાવવા AIનો ઉપયોગ કરવાનું સૂચન કર્યુ હતું.
- સલામત, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર AIને આગળ વધારવા અને GPAI પ્રોજેક્ટની ટકાઉપણાને સમર્થન આપવાની પ્રતિબદ્ધતા પર 'GPAI New Delhi Declaration' અપનાવવામાં આવ્યું હતું.

### GPAI New Delhi Declaration

આ ઘોષણાપત્ર નવી તકોનો ઉપયોગ કરવા અને AIના વિકાસ, તૈનાતી અને ઉપયોગથી ઉદ્‌ભવતા જોખમોને ઘટાડવાની જરૂરિયાતનો સ્વીકાર કરે છે.

- માનવીય ગૌરવ, માનવ અધિકાર અને લોકશાહી મૂલ્યોને જાળવી રાખવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે.
- AIમાં વિશ્વાસ, પારદર્શિતા, જવાબદારી અને સમાવેશને પ્રોત્સાહન આપવાના મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો છે.

- તે યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ અને વૈશ્વિક પડકારોને સામનો કરવા માટે AIની સંભવિતતાને ઓળખે છે.
- ડિજિટલ જાહેર માલસામાનની વહેંચણી માટે વૈશ્વિક ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર રિપોઝીટરી (GDPIR)ની સ્થાપના અને જાળવણી કરવાના ભારતના પ્રસ્તાવને સમર્થન આપે છે.
- આ ઉપરાંત આ ઘોષણા AI સંશોધન, નવીનતા અને નીતિ પર આંતરરાષ્ટ્રીય સહયોગ અને સંકલનને પ્રોત્સાહિત કરે છે.

નોંધ : (1) GDPIRની સ્થાપના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય હેઠળ G20 સભ્યો અને અતિથિ દેશો બંને તરફથી મહત્ત્વપૂર્ણ આંતરદષ્ટિ અને જ્ઞાનને એકીકૃત કરતી વ્યાપક ભંડાર તરીકે સેવા આપવા માટે કરવામાં આવી હતી.

(2) આ સમિટમાં DeepFake પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. તે સામાન્ય રીતે કોઈને છેતરવાના અથવા ગેરમાર્ગે દોરવાના ઉદ્દેશ્ય સાથે વિઝ્યુઅલ અને ઓડિયો સામગ્રીને ચાલાકી અથવા જનરેટ કરવા માટે AIનો ઉપયોગ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## GPAI શું છે ?

ગ્લોબલ પાર્ટનરશીપ ઓન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (GPAI) એ એક બહુવિધ હિસ્સેદારી પહેલ છે.

- તે માનવ અધિકારો અને મૂળભૂત લોકશાહી સિદ્ધાંતો સાથે સુસંગત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના નૈતિક ઉપયોગ અને પ્રગતિને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાયેલ સહયોગી પ્રોજેક્ટ છે.
- શરૂઆતમાં 2018માં 44મી G7 સમિટ દરમિયાન કેનેડા અને ફ્રાન્સ દ્વારા તેનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.
- આ પહેલ સત્તાવાર રીતે જૂન 2020માં શરૂ થઈ હતી.
- 15 સભ્યો દેશો સાથે શરૂ થયેલું GPAI આજે 29 સભ્યો દેશોના જોડાણમાં વિકસ્યું છે.
- તેમાં ભારત, યુનાઈટેડ સ્ટેટ્સ, યુકે, ફ્રાન્સ, જાપાન, કેનેડા વગેરે જેવા દેશોનો સમાવેશ થાય છે.
- ચીન ટેક્નોલોજીનો નોંધપાત્ર દેશ હોવા છતા આ જૂથનો ભાગ નથી.
- 'ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો–ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD)' એ GPAI માટે યજમાન સંસ્થા તરીકે સેવા આપે છે.

નોંધ : AI પર પ્રથમ ત્રણ વૈશ્વિક ભાગીદારી અનુક્રમે મોન્ટ્રીયલ, પેરિસ અને ટોક્યોમાં યોજાઈ હતી.

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) શું છે ?

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો અર્થ થાય છે કૃત્રિમ રીતે વિકસિત બૌધિક ક્ષમતા.

- આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એ કમ્પ્યૂટર વિજ્ઞાનની શાખા છે, જે કમ્પ્યૂટરને માણસની જેમ વર્તે છે.

- **AI એ મશીનોની વિચારસરણી, સમજવા, શીખવા, સમસ્યાનું નિરાકરણ અને નિર્ણય લેવા જેવા જ્ઞાનાત્મક કાર્યો કરવા માટેની ક્ષમતાનો સંદર્ભ આપે છે.**
- **આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી કોમ્પ્યૂટર સિસ્ટમ પહેલા કરતા વધુ વિકસિત થઈ ગઈ છે.**

## YUVAi

**YUVAi પહેલ GPAI સમિટમાં મુખ્ય રીતે દર્શાવવામાં આવી હતી.**

- **YUVAi (Youth For Unnati and Vikas With AI) પહેલ એ નેશનલ ઈ–ગવર્નન્સ ડિવિઝન (NeGD), ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (Meity), ભારત સરકાર અને ઈન્ટેલ ઈન્ડિયાની સહયોગી પહેલ છે.**
- **આ સહયોગી કાર્યક્રમ ધોરણ 8 થી 12ના વિદ્યાર્થીઓને આવશ્યક AI કૌશલ્યથી સજ્જ કરવા, AIની ઊંડી સમજણને પ્રોત્સાહન આપવું અને માનવ–કેન્દ્રિત ડિઝાઈનર્સ અને AIના વપરાશકર્તાઓ બનવા માટે પ્રોત્સાહિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.**
- **આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને જટિલ સમસ્યાઓનો સામનો કરવા અને રાષ્ટ્રના સર્વસમાવેશક વિકાસ તરફ દોરી જવા માટે AI ટેક્નોલોજીનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે સમજવા અને ઓળખવા માટે લાગુ શિક્ષણનો અનુભવ પ્રદાન કરે છે.**
- **આ કાર્યક્રમ આખા વર્ષ દરમિયાન ચાલુ રહેશે જેથી કરીને વધુમાં વધુ વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર થવા માટે પોતાને સશક્ત બનાવવાની તક મળે.**






1. કયા દિવસના રોજ લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ ઉજવવામાં આવે છે ?

(A) 15 ડિસેમ્બર (B) 16 ડિસેમ્બર (C) 17 ડિસેમ્બર (D) 18 ડિસેમ્બર

(A)

2. તાજેતરમાં લાકાડોંગ હળદરને GI ટેગ આપવામાં આવ્યો છે. તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?

(A) સિક્કિમ (B) ઉત્તરાખંડ (C) મણિપુર (D) મેઘાલય

(D)

3. તાજેતરમાં 'તારમુગલી' શબ્દ સમાચારમાં હતો તે શું છે ?

(A) મહારાષ્ટ્રમાં આવેલ એક પર્વતીય પ્રદેશ (B) ભારત–બાંગ્લાદેશ સરહદ પરનું એક ગામ

(C) ભારતીય નૌકાદળનું એક જહાજ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

(C)

4. તાજેતરમાં સમાચારમાં રહેલ INS સંધ્યાક ______ છે.

(A) તટરક્ષક પેટ્રોલિંગ જહાજ

(B) હાઈડ્રોગ્રાફિક સર્વે જહાજ

(C) ભારતીય નૌકાદળનું અદ્યતન ક્રૂડ ઓઈલ જહાજ

(D) ન્યુક્લિયર સબમરીન

(B)

5. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'VINBAX-23' નામની સંયુક્ત લશ્કરી કવાયત યોજાઈ હતી ?

(A) વિયેતનામ (B) વેનેઝુએલા (C) ઓમાન (D) જાપાન

(A)

6. તાજેતરમાં 'ગ્લોબલ પાર્ટનરશીપ ઓન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (GPAI) 2023' સમિટ કયાં યોજાઈ હતી ?

(A) નવી દિલ્હી (B) ચેન્નાઈ (C) મુંબઈ (D) ગાંધીનગર

(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 16 ડિસેમ્બર, વિજય દિવસ (Victory Day)




ભારતમાં દર વર્ષે 16 ડિસેમ્બરને 'વિજય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- વર્ષ 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધમાં 16 ડિસેમ્બરના રોજ થયેલા ભારતના ઐતિહાસિક વિજયની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ યુદ્ધમાં પૂર્વ પાકિસ્તાન પાકિસ્તાનથી આઝાદ થઈ ગયું હતું અને 'બાંગ્લાદેશ' નામના એક નવા જ દેશનું સર્જન થયું હતું.
- આથી, દર વર્ષે 16 ડિસેમ્બર બાંગ્લાદેશમાં પણ 'વિજય દિવસ' તરીકે ઉજવાય છે.

નોંધ : (1) ભારતમાં 16 ડિસેમ્બર 'વિજય દિવસ' તરીકે ઉજવાય છે. જ્યારે 26 જુલાઈ 'કારગિલ વિજય દિવસ' તરીકે ઉજવાય છે.

(2) 26 જુલાઈ, 1999ના રોજ કારગિલ યુદ્ધમાં ભારતનો પાકિસ્તાન સામે વિજય થયો હતો. આથી, દર વર્ષે 26 જુલાઈના રોજ ભારતમાં 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બારાકુડા : ભારતની સૌથી ઝડપી સૌર-ઈલેક્ટ્રિક બોટ

ભારતની સૌથી ઝડપી સૌર ઈલેક્ટ્રિક બોટ 'બારાકુડા' અલપ્પુઝા (કેરળ)માં લોન્ચ કરવામાં આવી હતી.

- બારાકુડાનું લોન્ચિંગ એ ઈકો–ફ્રેન્ડલી મેરીટાઈમ ટ્રાન્સપોર્ટેશનમાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.
- આ બોટ Mazagon Dock Shipbuilders અને Navalt દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવી છે.
- બારાકુડાનું નામ ઝડપી લાંબી માછલીના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- આ બોટ 12.5 નોટ (લગભગ 23 કિ.મી. પ્રતિ કલાક) સુધીની ઝડપ પ્રાપ્ત કરી શકે છે.
- 14 મીટર લાંબુ આ જહાજ 12 જેટલા મુસાફરો અને સામાનની સાથે દરિયામાં પરિવહન કરવા સક્ષમ છે.
- તે ચાર મીટર ઊંચા તરંગોને નેવિગેટ કરવા અને અવાજ, કંપન અથવા વાયુપ્રદૂષણ વિના કાર્ય કરવા માટે રચાયેલ છે.
- તેમાં ટ્વીન 50 KW ઈલેક્ટ્રિક મોટર્સ, દરિયાઈ–ગ્રેડની LFP બેટરી અને 6 KW સૌર ઊર્જા છે, જે કાર્યક્ષમ અને સ્વચ્છ ઊર્જાનો ઉપયોગ કરે છે.



નોંધ : બારાકુડા માછલી Sphyraenidae પરિવારની શિકારી માછલી છે, તે ગરમ અને ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં જોવા મળે છે.

# પીઢ અભિનેતા જુનિયર મેહમૂદનું નિધન




જુનિયર મેહમૂદ તરીકે જાણીતા પીઢ અભિનેતા શ્રી નઈમ સૈયદનું 8 ડિસેમ્બરના રોજ 67 વર્ષની વયે નિધન થયું છે.

**શ્રી જુનિયર મેહમૂદ**

**"હમ કાલે હૈં તો ક્યા હુઆ દિલવાલે હૈ"**

- શ્રી જુનિયર મેહમૂદનો જન્મ 15 નવેમ્બર, 1956ના રોજ મુંબઈ ખાતે થયો હતો.
- તેનું મૂળનામ શ્રી નઈમ સૈયદ હતું. તેઓ વ્યાવસાયિક રીતે જુનિયર મેહમૂદ તરીકે ઓળખાય છે.
- શ્રી જુનિયર મેહમૂદે બાળ કલાકાર તરીકે મોહબ્બત ઝિંદગી હૈ (1966)થી તેની ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી હતી.
- તેમણે નૌનિહાલ, કારવા, હાથી મેરે સાથી, મેરા નામ જોકર, સુહાગ રાત, બ્રહ્મચારી, કટી પતંગ, હરે રામા હરે કૃષ્ણ, ગીત ગાતા ચલ, ઈમાનદાર, બાપ નંબરી બેટા દસ નંબરી, આજ કા અર્જુન, ગુરુદેવ વગેરે જેવી ફિલ્મોમાં કામ કર્યુ હતું.



- તેમણે સાત અલગ–અલગ ભાષાઓમાં 265 ફિલ્મોમાં અભિનય કર્યો હતો અને 6 મરાઠી ફિલ્મોનું નિર્માણ અને નિર્દેશન પણ કર્યુ હતું.
- તેમણે ફિલ્મો ઉપરાંત ટીવી શોમાં પણ કામ કર્યુ હતું.
- તેમને બાળપણથી જ એક્ટિંગનો શોખ હતો, તેઓ બાળ કલાકાર તરીકે ખૂબ પ્રસિદ્ધ થયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## SATURDAY Questions

| | | |
|---|---|---|
| 1. | ભારતમાં 'વિજય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 14 ડિસેમ્બર (B) 15 ડિસેમ્બર (C) 16 ડિસેમ્બર (D) 17 ડિસેમ્બર | (C) |
| 2. | ભારતમાં 'કારગિલ વિજય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 16 ડિસેમ્બર (B) 16 જુલાઈ (C) 26 ડિસેમ્બર (D) 26 જુલાઈ | (D) |
| 3. | તાજેતરમાં અલપ્પુઝામાં ભારતની સૌથી ઝડપી સૌર–ઈલેક્ટ્રિક બોટ લોન્ચ કરવામાં આવી હતી. તેને શું નામ આપવામાં આવ્યું છે ?<br>(A) કાલમરી (B) બારાકુડા (C) ઈલ (D) ગોલ્ડ ફિશ | (B) |
| 4. | તાજેતરમાં પીઢ અભિનેતા જુનિયર મેહમૂદનું નિધન થયું છે. તેમનું મૂળ નામ શું હતું ?<br>(A) નઈમ સૈયદ (B) કારીમ અહેમદ (C) સલીમ મેહમૂદ (D) સમીર મેહમૂદ | (A) |

## ગુજરાત

➤ **ધરોઈ ડેમને વિશ્વસ્તરીય પ્રવાસન અને તીર્થસ્થળ તરીકે વિકસાવશે**



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ઉત્તરગુજરાતના ધરોઈ ડેમ વિસ્તારનો વર્લ્ડ ક્લાસ સસ્ટેઈનેબલ ટુરિસ્ટ પિલગ્રિમેજ ડેસ્ટિનેશન તરીકે વિકાસ કરવામાં આવી રહ્યો છે. વડનગર, તારંગા, અંબાજી અને રાણકી વાવ જેવા અગ્રણી સ્થળોને 90 કિમીની ત્રિજ્યામાં જોડીને ધરોઈ ડેમને પ્રવાસન કેન્દ્રમાં રૂપાંતરિત કરવા માટે અનેકવિધ પહેલ શરૂ કરવામાં આવી છે. ધરોઈ રિજિયનનો આ વિકાસ પ્રોજેક્ટ અંદાજે રૂ.1100 કરોડના ખર્ચે ત્રણ તબક્કામાં હાથ ધરાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આ પ્રોજેક્ટની જાણકારી માટે ધરોઈ ડેમ સાઈટનું સ્થળ નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રોજેક્ટમાં સૂચિત રોડ નેટવર્કના ઉદ્‌ઘાટન તબક્કા દરમિયાન એડવેન્ચર ડ્રાઈવ રોડ અને ટર્મિનલ રોડને લગતી ઓપરેશનલ વિગતો પૂરી પાડવામાં આવી હતી. ધરોઈ એ ગ્રેવીટી ડેમ છે જે સાબરમતી નદી પર બાંધવામાં આવેલ છે. તે મહેસાણા જિલ્લાના ધરોઈ ગામ નજીક આવેલ છે.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **વિશ્વના ટોચના નેતાઓની યાદીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ટોચ પર**




તાજેતરમાં મોર્નિંગ કન્સલ્ટના સર્વેક્ષણ અનુસાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વૈશ્વિક નેતાઓમાં ટોચ પર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને 76 ટકાનું એપ્રૂવલ રેટિંગ મળ્યું હતું. ગ્લોબલ લીડર્સ એપ્રુવલ રેટિંગ ટ્રેકર અનુસાર ભારતમાં 76% લોકો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વને સ્વીકારે છે. આ સર્વેમાં બીજા ક્રમ પર મેક્સિકોના પ્રેસિડેન્ટ એન્ડ્રેસ મેન્યુઅલ લોપાઝ ઓબ્રેડોર છે જેને 66 ટકા રેટિંગ મળ્યું છે. ત્રીજા ક્રમ પર સ્વિત્ઝર્લેન્ડના પ્રેસિડેન્ટ એલેન બર્સેટને 58 ટકા રેટિંગ મળ્યું છે.



➤ **IMO ગ્રીન વોયેજ - 2050 પ્રોજેક્ટ**

ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO) ગ્રીન વોયેજ-2050 પ્રોજેક્ટ માટે ભારતને અગ્રણી દેશ તરીકે માન્યતા આપવામાં આવી છે, જે જહાજોમાંથી ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. ગ્રીન વોયેજ-2050 પ્રોજેક્ટ નોર્વે સરકાર અને IMO વચ્ચે 2019માં શરૂ કરવામાં આવેલ ભાગીદારી પ્રોજેક્ટ છે, જેનો ઉદ્દેશ્ય શિપિંગ ઉદ્યોગને ઓછા કાર્બન ભવિષ્યમાં પરિવર્તિત કરવાનો છે. પ્રારંભિક IMO વ્યૂહરચના 2008ના સ્તરની તુલનામાં 2050 સુધીમાં કુલ વાર્ષિક GHG ઉત્સર્જનને ઓછામાં ઓછા 50% સુધી ઘટાડવા માટે સ્પષ્ટ વિઝન નક્કી કરે છે. ગ્રીન વોયેજ-2050 પ્રોજેક્ટ 12 દેશોમાં ચાલી રહ્યો છે : અઝરબૈજાન, બેલીઝ, ચીન, કૂક ટાપુઓ, એક્વાડોર, જ્યોર્જિયા, ભારત, કેન્યા, મલેશિયા, સોલોમન ટાપુઓ, દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકા.

➤ **સુપ્રીમ કોર્ટે પ્રાદેશિક ભાષામાં પ્રવેશ માટે SUVAS રજૂ કર્યું**

તાજેતરમાં ભારતીય કાયદા મંત્રીએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે કાનૂની કાર્યવાહીમાં પ્રાદેશિક ભાષાઓના ઉપયોગને સરળ બનાવવા માટે 'SUVAS' AI - સંચાલિત અનુવાદ સાધન રજૂ કર્યું છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયના સહયોગથી વિકસિત આ વિશિષ્ટ સાધન હાલમાં અંગ્રેજી ન્યાયિક દસ્તાવેજોને અગિયાર ભારતીય ભાષાઓમાં અનુવાદિત કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **એડવોકેટ્સ (એમેન્ડમેન્ટ) બિલ, 2023**

એડવોકેટ્સ (એમેન્ડમેન્ટ) બિલ, 2023 1 ઓગસ્ટ, 2023 રોજ રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. જેનો હેતુ એડવોકેટ્સ એક્ટ, 1961માં ફેરફાર કરવાનો હતો. આ બિલ ચોક્કસ મુદ્દાઓને સંબોધે છે, જેમાં જૂના લીગલ પ્રેક્ટિસનર્સ એક્ટ, 1979 હેઠળ આર્બિટેશનને લગતા અમુક વિભાગોને રદ કરવાનો સમાવેશ થાય છે. આ બિલ મધ્યસ્થીઓ સાથે વ્યવહાર કરવા માટેના પગલા રજૂ કરે છે, તેમને ચુકવણી માટે કાનૂની નિષ્ણાતોની સેવાઓ મેળવવા અથવા કાનૂની વ્યવસાયને સુરક્ષિત કરવા માટે ચોક્કસ સ્થાનોની વારંવાર મુલાકાત લેવા જેવી પ્રવૃત્તિઓમાં રોકાયેલા વ્યક્તિઓ તરીકે વ્યાખ્યાયિત કરે છે. આ ખરડો હાઈકોર્ટ, જિલ્લા ન્યાયાધીશો, સત્ર ન્યાયાધીશો, જિલ્લા મેજિસ્ટ્રેટ અને મહેસૂલ અધિકારીઓને દલાલોની યાદી તૈયાર કરવા અને પ્રકાશિત કરવાની સત્તા આપે છે. આ બિલ લિસ્ટિંગ દરમિયાન બ્રોકર તરીકે કામ કરનારાઓ માટે દંડની સ્થાપના કરે છે. અપરાધીઓને ત્રણ મહિના સુધીની જેલ, 500 રૂપિયા સુધીનો દંડ અથવા બંને થઈ શકે છે.

➤ **મલ્ટી મોડલ લોજિસ્ટિક્સ પાર્ક (MMLP) નાગપુરમાં બનાવવામાં આવશે.**

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ મેસર્સ ડીસી મલ્ટી મોડલ પાર્ક (નાગપુર) લિમિટેડ સાથે મહત્ત્વપૂર્ણ કરાર કર્યો છે. ડીસી મલ્ટી મોડલ પાર્ક (નાગપુર) લિમિટેડ, નાગપુરમાં મેસર્સ ડેલ્ટાબલ્ક શિપિંગ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનું સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV) મલ્ટી મોડલ લોજિસ્ટિક પાર્ક (MMLP)ના વિકાસ માટે રચાયેલ છે. 673 કરોડના અંદાજિત ખર્ચ સાથેના આ પ્રોજેક્ટ પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડલ હેઠળ 150 એકરમાં વિકસાવવામાં આવશે, જે દેશના વિકાસમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થશે અને તે પીએમ ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાનને અનુરૂપ હશે.

➤ **ઉત્તરાખંડ પાવર પ્રોજેક્ટ માટે ભારત અને એશિયન ડેવલપમેન્ટ વચ્ચે કરાર**

ભારત સરકાર અને એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) વચ્ચે 200 મિલિયન યુએસ ડોલરના લોન કરાર પર હસ્તાક્ષર એ ઉત્તરાખંડ પાવર પ્રોજેક્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય વધતી જતી વીજ માંગને પહોંચી વળવા માટે ગુણવત્તા, કાર્યક્ષમતા અને વિશ્વસનીયતા વધારવા અને નવીનીકરણીય ઊર્જાના સરળ એકીકરણને સુનિશ્ચિત કરવાની સાથે સબસ્ટેશનો અને પાવર લાઈનો સાથે 537 કિ.મી. વિસ્તરેલી આધુનિક અંડરગ્રાઉન્ડ કેબલ સિસ્ટમ રજૂ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **જમ્મુ-કાશ્મીર અને પુડુચેરીમાં મહિલા ક્વોટા માટે બિલ**

તાજેતરમાં લોકસભામાં બંધારણના 106માં સુધારા અધિનિયમ, 2023ની જોગવાઈઓને વિસ્તૃત કરવા માટે બે બિલ પસાર કર્યા હતા, જે પુડુચેરી અને જમ્મુ–કાશ્મીર પ્રદેશો સુધી સંસદ અને રાજ્ય વિધાનસભાઓ માટે 33% અનામત પ્રદાન કરે છે. ગૃહ મંત્રાલયે લોકસભામાં 'જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (બીજો સુધારો) બિલ, 2023' અને કેન્દ્રશાસિત સરકાર (સુધારા) બિલ, 2023' રજૂ કર્યા હતા. બંને બિલ પુડુચેરી અને જમ્મુ–કાશ્મીરની વિધાનસભાઓમાં કાયદો બનાવવાની પ્રક્રિયામાં જનપ્રતિનિધિઓ તરીકે મહિલાઓના વધુ પ્રતિનિધિત્વ અને સહભાગીતાને સક્ષમ કરવા માંગે છે. પુડુચેરી વિધાનસભામાં મહિલાઓ માટે અનામત સ્થાપિત કરવા માટે સંસદે કેન્દ્રશાસિત સરકાર અધિનિયમ, 1963માં સુધારો કરવાની જરૂર છે.

# વિશ્વ

## ➤ વિશ્વની સૌથી ઊંડી ભૂગર્ભ ભૌતિકશાસ્ત્ર પ્રયોગશાળા શરૂ કરવામાં આવી

ચીને વિશ્વની સૌથી ઊંડી અને સૌથી મોટી ભૂગર્ભ ભૌતિકશાસ્ત્ર પ્રયોગશાળા, ડીપ અંડરગ્રાઉન્ડ અને અલ્ટ્રા–લો રેડિયેશન બેકગ્રાઉન્ડ ફેસિલિટી ફોર ફન્ટિયર, ફિઝિક્સ એક્સપેરિમેન્ટ્સ (DURF) શરૂ કરી છે, જે સિચુઆન પ્રાંતમાં જિનપિંગ પર્વતની નીચે સ્થિત છે. ત્રણ વર્ષના વ્યાપક અપગ્રેડેશન પછી કાર્યરત પ્રયોગશાળાનો ઉદ્દેશ ડાર્ક બાબતની વૈશ્વિક શોધમાં ક્રાંતિ લાવવાનો છે, પદાર્થનું એક અનુમાનિત સ્વરૂપ કે જે પ્રકાશ અથવા ઈલેક્ટ્રોમેગ્નેટિક ક્ષેત્રો સાથે ક્રિયાપ્રતિક્રિયા કરતું નથી. 2400 મીટરની ઊંડાઈ પર સ્થિત DURF મોટાભાગના કોસ્મિક કિરણોને અવરોધિત કરવામાં એક અનન્ય ફાયદો આપે છે જે અવલોકનોમાં દખલ કરી શકે છે અને વધુ ચોક્કસ પ્રયોગોને મંજૂરી આપે છે. વૈજ્ઞાનિકો માને છે કે DURF ડાર્ક પદાર્થના સંશોધનને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે.

## ➤ રોડ સેફ્ટી રિપોર્ટ 2023ની વૈશ્વિક સ્થિતિ : WHO

તાજેતરમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ ગ્લોબલ સ્ટેટ ઓફ રોડ સેફ્ટી 2023 નામનો રિપોર્ટ બહાર પાડ્યો છે. આ અહેવાલ વિશ્વભરમાં માર્ગ ટ્રાફિકના મૃત્યુ અને સલામતીના પગલા અંગેના મહત્ત્વપૂર્ણ તારણો અને આંતરદષ્ટિ રજૂ કરે છે. 2010 અને 2021ની વચ્ચે વિશ્વભરમાં માર્ગ અકસ્માતના મૃત્યુમાં 5% ઘટાડો થયો છે. એટલે કે આ એક વર્ષ દરમિયાન મૃત્યુની કુલ સંખ્યા 1.19 મિલિયન છે. યુએનના 108 સભ્યો દેશોએ આ સમયગાળા દરમિયાન માર્ગ અકસ્માતોને કારણે થતા મૃત્યુમાં ઘટાડો નોંધ્યો છે. જ્યારે ભારતમાં તેના મૃત્યુ દરમાં 15%નો વધારો જોવા મળ્યો છે, જે વર્ષ 2010માં 1.34 લાખથી વધીને વર્ષ 2021માં 1.54 લાખ થઈ ગયો છે. 10 દેશોમાં માર્ગ અકસ્માતને કારણે થતા મૃત્યુમાં નોંધપાત્ર ઘટાડો નોંધવામાં આવ્યો છે. જે દેશોએ 50% થી વધુનો ઘટાડો હાંસલ કર્યો છે તેમાં બેલારૂસ, બ્રુનેઈ દારૂસલામ, ડેનમાર્ક, જાપાન, લિથુઆનિયા, નોર્વે, રશિયન ફેડરેશન, ત્રિનિદાદ અને ટોબેગો, યુએઈ અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે. વૈશ્વિક માર્ગ ટ્રાફિક મૃત્યુમાંથી WHO દક્ષિણ–પૂર્વ એશિયા ક્ષેત્રમાં 28%, પશ્ચિમ પેસિફિક ક્ષેત્રમાં 25%, આફ્રિકન 19%, અમેરિકા ક્ષેત્રમાં 12%, પૂર્વીય ભૂમધ્ય પ્રદેશમાં 11% અને 5% યુરોપિયન પ્રદેશમાં છે. 90% માર્ગ મૃત્યુ ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં થાય છે. માર્ગ અકસ્માતમાં થતા મૃત્યુ 53% માટે સંવેદનશીલ માર્ગ વપરાશકર્તાઓનો હિસ્સો છે.

## ➤ AIના સંબંધમાં યુરોપિયન યુનિયનનો ઐતિહાસિક કાયદો



તાજેતરમાં યુરોપિયન યુનિયન (EU), કૃત્રિમ બુદ્ધિમતા (AI)નો ઉપયોગ સંપૂર્ણ રીતે વિનિયમિત કરવાના હેતુથી વ્યાપક કાયદો બનાવવા માટે મહાદ્વીપીય રાષ્ટ્ર બની ગયું છે. યુરોપિય યુનિયન દ્વારા પ્રસ્તાવિત રૂપરેખા પર વર્ષ 2024ની શરૂઆતમાં સંસદીય બેઠક યોજાશે, જે સંભવિત રૂપે વર્ષ 2025 સુધી લાગુ થશે. આ કાયદામાં વ્યક્તિ માટે AIની કથિત પ્રતિબંધની વિરુદ્ધ ફરિયાદ કરી શકશે, જ્યારે કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા AIના ઉપયોગ પર સ્પષ્ટ મર્યાદા પણ નિર્ધારિત કરશે. ચહેરાની ઓળખ તકનીક અને માનવ વર્તનમાં AI ઓપરેશન્સ પર સખત પ્રતિબંધ લાદવામાં આવ્યા છે. નિયમોનું ઉલ્લંઘન કરતી કંપનીઓ માટે કડક સજાની જોગવાઈ કરવામાં આવી છે.

## ➤ માલદીવે ભારત સાથે હાઈડ્રોગ્રાફી કરાર સમાપ્ત કર્યો



માલદીવની વર્તમન સરકારે રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓ અને સંવેદનશીલ માહિતીના રક્ષણને ટાંકીને ભારત સાથેના હાઈડ્રોગ્રાફી કરારને રિન્યુ ન કરવાનું પસંદ કર્યુ છે. વર્તમાન માલદીવ સરકારે 'ઈન્ડિયા ફર્સ્ટ' નીતિને દૂર રાખ્યું છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની માલદીવ મુલાકાત દરમિયાન 8 જૂન, 2019ના રોજ હાઈડ્રોગ્રાફિક સર્વે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કરાર હેઠળ ભારતને ટાપુ રાષ્ટ્રોના પ્રાદેશિક જળનો વ્યાપક અભ્યાસ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. જેમાં ખડકો, લગૂન, દરિયાકિનારા, સમુદ્રી પ્રવાહો અને ભરતીના સ્તરનો સમાવેશ થાય છે. ભારતીય નૌકાદળ અને માલદીવ્સ ડિફેન્સ ફોર્સ (MNDF) દ્વારા ત્રીજો સંયુક્ત હાઈડ્રોગ્રાફિક સર્વે 19 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી 2023 દરમિયાન ભારતીય નેવલ શિપ INS ઈન્વેસ્ટિગેટર દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. નોંધનીય છે કે આ અગાઉ માલદીવની વર્તમાન સરકારે આ ટાપુમાંથી તેના સૈન્ય કર્મચારીઓને પાછા ખેંચવા વિનંતી કરી હતી.

# QUESTION OF THIS WEEK

1. તાજેતરમાં કોણે સતત બીજા વર્ષે શ્રેષ્ઠ મહિલા ટેનિસ ખેલાડીનો એવોર્ડ જીત્યો છે ? – સુશ્રી ઈગા સ્વિયાટેક (પોલેન્ડ)
2. ટાઈમ મેગેઝિને કોને વર્ષ 2023 માટેનો એથ્લેટ ઓફ ધ યર જાહેર કર્યો છે ? – લિયોનેલ મેસ્સી
3. ડિસેમ્બર, 2023માં ભારતે કયા દેશ સાથે રાજદ્વારી સંબંધોની ઉજવણી કરી હતી ? – કોરિયા પ્રજાસત્તાક
4. નેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (NARCL)ની સ્પોન્સર બેન્ક કઈ છે ? – કેનેરા બેંક
5. કયા રાજ્યએ 'મહાલક્ષ્મી યોજના' લાગુ કરી છે, જેનો ઉદ્દેશ્ય મહિલાઓને બસોમાં મફત મુસાફરી આપવાનો છે ? – તેલંગાણા
6. RBIએ હેલ્થકેર અને એજ્યુકેશન માટે UPI ચુકવણી મર્યાદા રૂ.1 લાખથી વધારી કેટલી કરી છે ? – 5 લાખ
7. તાજેતરમાં સમાચારમાં રહેલ શેરીંગ તાશી કયા ક્ષેત્ર સાથે સંકળાયેલ છે ? – લેખક
(જાણીતા ભૂટાની લેખક શેરિંગ તાશીને સાહિત્ય અકાદમીની 'પ્રેમચંદ ફેલોશિપ'થી નવાજવામાં આવ્યા હતા.)
8. યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA)એ CRISPR જીન એડિટિંગ ટેક્નોલોજીના આધારે કયા રોગની સારવારને મંજૂરી આપી છે. – સિકલ સેલ ડિસીઝ
9. કયું શહેર પ્રથમ ભારતીય આર્ટ, આર્કિટેક્ચર અને ડિઝાઈન બિએનનેલ (IAADB) 2023નું યજમાન છે ? – નવી દિલ્હી
10. કયા કેન્દ્રીય મંત્રાલયે 'હરિતસાગર' માર્ગદર્શિકા શરૂ કરી છે ? – બંદરો, શિપિંગ અને જળ માર્ગ મંત્રાલય
11. S&P રેન્કિંગ મુજબ કઈ ભારતીય વીમાદાતા કંપની વિશ્વની ચોથી સૌથી મોટી વીમા કંપની બની છે ? – LIC
12. CBICએ ભારત અને કયા દેશ વચ્ચે ઈલેક્ટ્રોનિક ઓરિજિન ડેટા એક્સચેન્જ સિસ્ટમ (EODES) શરૂ કરી છે ? – કોરિયા
13. કેન્દ્ર સરકારે કયા રાજ્ય માટે પ્રથમ શહેરી પૂર શમન પ્રોજેક્ટને મંજૂરી આપી છે ? – તમિલનાડુ
14. એસ્પિરેશનલ બ્લોક્સ પ્રોગ્રામ (ABP)ના પ્રથમ ડેલ્ટા રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવનાર તિરિયાની બ્લોક કયા રાજ્યનો છે ? – તેલંગાણા
15. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ભારત બિલ પેમેન્ટ્સ' (BBPS) કોણે બનાવ્યું છે ? – NPCI
16. કાર્બન બોર્ડર એડજસ્ટમેન્ટ મિકેનિઝમ (CBAM) કયા પ્રદેશ સાથે સંકળાયેલું છે ? – યુરોપ
17. કયા વર્ષે ભારતીય સંસદ પર આતંકવાદી હુમલો થયો હતો ? – 13 ડિસેમ્બર, 2001

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

18. _____ એ બ્રેન્ડન હોલ ગ્રુપનો ટેક્નોલોજી એક્સેલન્સ એવોર્ડ 2023 જીત્યો. – NTPC

19. _____ ના સંશોધકોએ ચિલ્કા સરોવરમાં ડેમોર્ચેસ્ટિયા એલેનન્સીસ નામની દરિયાઈ એમ્ફીપોડની નવી પ્રજાતિનું અનાવરણ કર્યુ છે, જે વૈશ્વિક દરિયાઈ જૈવવિવિધતામાં ફાળો આપે છે. – બરહામપુર યુનિવર્સિટી, ઓડિશા

20. _____ માં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સ્વ–ઘોષિત અરાજક–મૂડીવાદ જેવિયર મિલીની જીત સાથે 'અરાજક–પૂંજીવાદ' અથવા 'અરાજક મૂડીવાદ' (Anarcho-Capitalism) શબ્દ ચર્ચાનો વિષય બન્યો હતો. – આર્જેન્ટિના

21. UNODC અનુસાર 2023માં કયો દેશ તાજેતરમાં અફઘાનિસ્તાનને પાછળ છોડીને વિશ્વનો સૌથી મોટો અફીણ ઉત્પાદક બન્યો છે ? – મ્યાનમાર

22. ડ્રાફ્ટ મહામારી સંધિ ચર્ચાઓમાં ઉલ્લેખિત PABSનું પૂરું નામ શું છે ?
– પેથોજેન અવેરનેસ અને બેનિફિટ શેરિંગ સિસ્ટમ

23. iCET અથવા ઈન્ટરનેશનલ કોઓપરેશન એન્ડ એજ્યુકેશન ઓન ટેક્નોલોજીનું સંચાલન કયા મંત્રાલય દ્વારા કરવામાં આવે છે ? – વિદેશ મંત્રાલય

24. ભારતમાં વાયુ પ્રદૂષણની કટોકટીનો સામનો કરવા માટે કઈ સંસ્થાએ વ્યાપક કાર્યક્રમ શરૂ કર્યો છે ?
– World Bank

25. IBMની નવીનતમ 1,121 - Qubit ક્વોન્ટમ ચિપનું શું નામ છે ? – Condor

26. તાજેતરમાં કયા મ્યુઝિયમમાં ડો. બાબા સાહેબ આંબેડકરની મીણ(WAX)ની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું ? – જયપુર વેક્સ મ્યુઝિયમ

27. મેક્સ લાઈફ ઈન્શ્યોરન્સના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી રાજીવ આનંદ

28. યુનિસેફની જનરેશન અનલિમિટેડ દ્વારા ભારતના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયના સહયોગથી યુવાનોના પાયાની પર્યાવરણીય ક્રિયાઓમાં જોડવા માટે શરૂ કરવામાં આવેલી પહેલનું નામ શું છે ?
– ગ્રીન રાઈઝિંગ

29. ભારતીય સેના દ્વારા આસિયાન મહિલા અધિકારીઓ માટે ટેબલટોપ કવાયત કયાં કરવામાં આવી હતી ?
– નવી દિલ્હી

30. ઈન્વેસ્ટ ઈન્ડિયા દ્વારા 27મી વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ કોન્ફરન્સ (WIC)નું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?
– નવી દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT